Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રભુ સ્તવન ... ... | ( છોટમ અ. ત્રિવેદી ) | ૧૨૯ |
| ૨. | ધરણેંદ્ર નાગરાજ અને નમિવિનમ | ( મુનિશ્રી ન્યાયવિજયજી ) | ૧૩૦ |
| ૩. | સમ્યગ્ જ્ઞાનની કુંચી ... ... ... ... ... | | ૧૩૫ |
| ૪. | પુષ્પમાળા-હિતોપદેશ ... | ( સ. ક. વિ. ) ... | ૧૩૮ |
| ૫. | સજ્જન દુર્જનનાં લક્ષણો | ( રાજપાળ મગનલાલ વ્હોરા )... | ૧૪૦ |
| ૬. | પ્રાસ્તાવિક તત્ત્વબોધ ... ... | ( સ ક. વિ. ) ... | ૧૪૨ |
| ૭. | લક્ષ્મીનું માહાત્મ્ય અને દાનનું સ્વરૂપ | ( આત્મવલ્લભ ) ... | ૧૪૩ |
| ૮. | જ્ઞાનની પરબ-બોર્ડીંગનું ઉદ્દઘાટન. ... ... ... | | ૧૪૫ |
| ૯. | શ્રી વિજયનંદસૂરિ જયંતિ નિમિત્તે સખાવત ... ... | | ૧૫૫ |
| ૧૦. | શ્રી પાટણમાં જ્ઞાનમંદિરની સ્થાપના ... ... ... | | ૧૫૮ |
| ૧૧. | આ. શ્રી વિજયવલ્લભસૂરિજીકા વિહાર સમાચાર ... ... | | ૧૫૯ |



શ્રી અમરચંદ્રસૂરિકૃત—

### શ્રી તીર્થંકર ચરિત્ર ( ભાષાંતર )

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટૂંકા, અતિ મનોહર અને બાળજીવો સરલતાથી જલદીથી કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા, અને સુંદર ચરિત્રો આ ગ્રંથમાં છે. જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે. કિંમત દશ આના.

### શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝના છપાતાં ગ્રંથો.

૧ શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર ( બીજા પર્વથી દશ પર્વો ) પ્રત તથા બુકાકારે
૨ ધાતુપારાયણ. ૩ શ્રી વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત )
૪ પ્રાકૃત વ્યાકરણ ઢુંઢિકાવૃત્તિ.

જલદી મંગાવો. તૈયાર છે. જલદી મંગાવો.

### શ્રી ત્રિષષ્ટિશ્લાકા પુરૂષચરિત્ર પ્રથમ પર્વ.

પ્રતાકારે તથા બુકાકારે સુંદર ટાઇપ, ઉંચા કાગળ, સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર છે, થોડી નકલો બાકી છે. કિંમત મુદ્દલથી ઓછી રૂા. ૧-૮-૦ પો. જુદું.

**બીજા પર્વથી છપાય છે.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

जन्मनि कर्मक्लेशैरनुबद्धेऽस्मिस्तथा प्रयतितव्यम् ।
कर्मक्लेशाभावो यथा भवत्येष परमार्थः ॥ १ ॥

" કર્મરૂપ કષ્ટથી વ્યાપ્ત એવા આ જન્મમાં એવો ( શુભ )
પ્રયત્ન કરવો કે જેના પરિણામે કર્મરૂપ કષ્ટ ( સદંતર )
વિનાશ પામે,–આ ( માનવજન્મનું ) રહસ્ય છે. "

શ્રીમદ્ ઉમાસ્વાતિવાચક–તત્ત્વાર્થ ભાષ્ય.

पुस्तक ३५] वीर सं. २४६४. पोष, आत्म सं. ४२. आ० श० वर्ष २ जुं [ अंक ६ ट्ठो.

## " પ્રભુ સ્તવન ! "

( પુષ્પિતાગ્રા છંદ. )

જય ! જય ! વિભુજી ! દયાળુ ! દેવા ! !
ભવહર સુખકર ! કરું સુ—સેવા;
તમ દરશનથી સદા સુખી છું ! ! !
શરણુ તજે પ્રભુ ! હું ઘણો દુઃખી છું.
કર ગૃહી વિભુ ! ભક્તને તારનારા,
ગુણ ગણી કેમ શકાય નાથ ! ત્હારા ?
અજર અમર છો તમે કૃપાળુ....!
કર ધરી ભક્તને તારજો દયાળુ ! ! !

" છોટમ " અ. ત્રિવેદી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધરણેન્દ્ર નાગરાજ અને નમિ વિનમિ.

લે. મુનિશ્રી ન્યાયવિજય.

ભગવાન્ ઋષભદેવજીએ રાજપાટ ઘરબાર ત્યજી, પુત્રોને રાજ્યના વિભાગો સોંપી, સાંવત્સરિક દાન આપી ચાર હજાર પુરુષો સાથે દીક્ષા અંગીકારી. દીક્ષા લીધા પછી આદિ યોગિનાથ ભૂતળમાં વિચરી રહ્યા છે. આ વખતે નમિકુમાર અને વિનમિકુમાર પ્રભુ પાસે આવી, ભક્તિથી નમી રાજ્યની યાચના કરવા લાગ્યા. વાત એમ બની કે પ્રભુએ જ્યારે બધા પુત્રોને રાજ્યભાગ વહેંચી આપ્યા ત્યારે નમિ અને વિનમિ પ્રભુની આજ્ઞાથી વિદેશમાં ગયા હતા, અને તેમના પિતા કચ્છ મહાકચ્છ પ્રભુ–પોતાના પિતાની સાથે જ દીક્ષા લઇ ચાલી નીકળ્યા હતા. તેમનો રાજ્યભાગ ભરત પાસે હતો અને નમિ વિનમિને તે મળત. પ્રભુની દીક્ષાબાદ નમિ વિનમિ આવ્યા અને તપાસ કરતાં માલૂમ પડયું કે પ્રભુએ અને પોતાના પિતા વગેરેએ દીક્ષા લીધી છે. પછી પોતાના પિતા પાસે જઇ, ત્યાંથી પોતાના દાદા શ્રી ઋષભદેવજી પાસે આવી રાજ્યની યાચના કરવા માંડી.

છદ્મસ્થ પ્રભુ નિરંતર મૌનપણે ભૂતળમાં વિચરે છે. પ્રભુની પાસે યાચના કરતાં કહે છેઃ—

महीगोष्पदमात्राऽपि, त्वयाऽऽवाभ्यां न किं ददे ?
इदानीमपि तद् देहि, विश्वनाथ! प्रसादतः ॥ १३७ ॥

ભાવાર્થઃ—હે પ્રભુ ! આપે અમને થોડી પણ પૃથ્વી–રાજ્ય આપ્યું નથી, કૃપા કરી હે વિશ્વવિભુ ! હવે તે રાજ્ય આપો.

दोषः किमावयोः कोऽपि, देवदेवेन वीक्षितः ?
यद् दत्से नोत्तरमपि, दूरेऽन्यद् देयमस्तु तत् ॥ १३८ ॥

ભાવાર્થઃ—હે દેવદેવેશ ! આપે અમારો કયાંય કાંઈ દોષ જોયો ખરો ? કે જેથી આપ બોલતા પણ નથી–જવાબ નથી આપતા. રાજ્ય આપવાની વાત તો દૂર રહી પરન્તુ બોલતા પણ નથી તેનું શું કારણ ?

આટલું આટલું કહ્યા છતાંયે નિર્મમત્વી નિર્લેપ પ્રભુજી તો મૌનપણે વિચરે. નમિ અને વિનમિ પ્રભુની ભક્તિ કરતા સાથે જ ચાલે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક વાર નાગરાજ ધરણેંદ્ર પ્રભુને વંદન કરવા આવ્યા. પ્રભુની ભક્તિ કરતા નમિ અને વિનમિને જોઇ આશ્ચર્યપૂર્વક તેમણે પૂછયું: તમે કોણ છો?

નમિ વિનમિ પોતાનો પરિચય આપવા સાથે પોતાની ભાવના વ્યક્ત કરે છે. ધરણેંદ્ર તેમને કહે છે.

वर्तते सम्प्रति स्वामी, निर्ममो निष्परिग्रहः ।
रोषतोषविनिमुक्तो, निराकांक्षो वपुष्वपि ॥

**ભાવાર્થ**:—હમણાં ભગવાન તો મમતા રહિત, પરિગ્રહ રહિત, રોષ અને તોષ, પ્રસન્નતા અને અપ્રસન્નતાથી રહિત અને શરીરની પણ આકાંક્ષા વિનાના છે. અર્થાત્ આવા પ્રભુજી તમને કાંઇ આપશે નહિં. આમ કહી ઇંદ્ર કહે છે કે તમે ભરતરાજની પાસે જઇ યાચના કરો.

જવાબમાં નમિ વિનમિ કેવો સરસ ભક્તિપૂર્ણ ઉત્તર આપે છે!

विश्वस्वामिनमाप्यामुं, कुर्वः स्वाम्यन्तरं नहि ।
कल्पपादपमासाद्य, कः करीरं निषेवते ? । १५४ ॥

**ભાવાર્થ**:—અમે તો આ ત્રણ જગતના નાથને સ્વામીરૂપે મેળવીને હવે બીજો સ્વામિ-માલેક કરવાની ઇચ્છા નથી રાખતા. કલ્પવૃક્ષને મેળવીને કેરડાની કોણ ઇચ્છા કરે? અર્થાત્ જેને કલ્પવૃક્ષને મળેલ હોય તે કદી બીજા વૃક્ષની ઇચ્છા કરે જ નહિં, તેમ અમારે પણ આવા જગદ્વંદ્ય પ્રભુને છોડી બીજાને સ્વામી કરવાની ઇચ્છા નથી.

आवां याचावहे नान्यं, विहाय परमेश्वरम् ।
पयोमुचं विमुच्यान्यं, याचते चातकोऽपि किम् ? ॥ १५५ ॥

**ભાવાર્થ**:—અમે તો આ પરમેશ્વરને છોડીને બીજા કોઇની પાસે કદી પણ યાચના કરવાના નથી. ચાતક મેઘરાજાને છોડી કદી બીજાની પાસે યાચના કરે ખરો? અર્થાત્ ચાતક ગમે તેટલો તરસ્યો થયો હોય, તરસને લીધે ગમે તેટલું દુઃખ કે કષ્ટ ભોગવવું પડતું હોય તો તે ભોગવે; પરન્તુ જલની યાચના મેઘરાજા સિવાય બીજા પાસે ન જ કરે. તેમ અમે પણ પ્રભુ સિવાય બીજા પાસે યાચના તો કરવાના જ નથી. અન્તમાં નમિ વિનમિ નાગરાજને સંભળાવે છે કે,—

स्वस्त्यस्तु भरतादिभ्यस्तव किञ्चिन्तयानया ?
स्वामिनोऽस्माद् यद् भवति, तद् भवत्वपरेण किं ? ॥ १५६ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**:—તમે કહ્યું ભરત પાસે યાચના કરો, પરન્તુ ભરતાદિનું કલ્યાણ થાઓ. તમે એની ચિન્તા શું કામ કરો છો ? અમને આ અમારા સ્વામીથી જે મળવાનું હશે તે મળશે. વચમાં બીજાને બોલવાનું શું કામ છે ? અર્થાત્ અમને મળશે કે નહિં મળશે પણ જે થશે તે પ્રભુજીથી જ થશે, ભરત પાસે જવાના યે નથી અને આ વિષયમાં કોઇએ વચમાં બોલવાની જરૂરે ય નથી.

ધરણેંદ્ર નાગરાજ નમિ અને વિનમિની પ્રભુ પ્રત્યેની અનન્ય શ્રદ્ધા, દૃઢ ભાવના જોઇ પ્રસન્ન થઇ નમિ વિનમિને વિદ્યાઓ આપે છે અને વૈતાઢ્ય પર્વત ઉત્તર દક્ષિણમાં બન્ને ભાઇઓને રાજ્ય—વિદ્યાધરોનાં રાજ્ય અપાવે છે.

રાજ્યે સ્થાપિત કર્યા પછી ધરણેંદ્ર પોતાના સ્થાનમાં જતાં બન્ને રાજકુમારોને એક સુવર્ણ હિતશિક્ષા આપે છે. આ હિતશિક્ષા માનવમાત્રને ઉપયોગી છે. માનવમાત્રનું કલ્યાણ સાધવામાં ઉપયોગી છે.

मा विद्यादुर्मदा विद्याधराः कार्षुः स्म दुर्नयम् ।
धरणेन्द्रस्ततस्तेषां, मर्यादामेवमादिशत् ॥

વિદ્યાથી મહોન્મત્ત થઇને વિદ્યાધરો અન્યાય ન કરે એટલા માટે ધરણેંદ્ર તેમને મર્યાદા કહે છે–સમજાવે છે.

जिनानां जिनचैत्यानां, तथा चरमवर्ष्मणाम्,
प्रतिमाप्रतिपन्नानां, सर्वेषां चाऽनगारिणाम् ॥
पराभवं लंघनं च, ये करिष्यन्ति दुर्मदाः,
विद्यास्त्यक्ष्यन्ति तान् सद्यः, कृतालस्यानिव श्रियः ॥

જિનવરેંદ્ર, જિનચૈત્ય, ચરમશરીરી તથા પ્રતિમાસ્થિત સર્વ સાધુ મહાત્માઓનો પરાભવ કરવો, તેમના ઉપરથી ચાલ્યા જવું—તેમનું ઉલ્લંઘન કરવું ઈત્યાદિ જે મહોન્મત્ત કરશે તેને જેમ આલસુ પુરુષની લક્ષ્મી તેને છોડીને ચાલી જાય તેમ આશાતના કરનાર મહોન્મત્ત વિદ્યાધરની વિદ્યાઓ તેને છોડીને ચાલી જશે.

હજી આગળ કહે છે:—

सात्मस्त्रीकं हनिष्यन्ति, ये नरं येऽपि च स्त्रियम् ।
रमयिष्यन्त्यनिच्छन्तीं, विद्यास्त्यक्षन्ति तान् क्षणात् ॥

જે સ્ત્રી સહિત પુરુષનો ઘાત કરશે (સ્ત્રી અને પુરુષને મારશે) અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્ત્રીની ઇચ્છા સિવાય તેની સાથે ક્રીડા કરશે-સ્ત્રી ઉપર બલાત્કાર કરશે તેની વિદ્યાઓ ક્ષણ વારમાં તેને છોડીને ચાલી જશે. અર્થાત્ વિદ્યાસંપન્ન મનુષ્યે કદી બીજાને દુઃખ ન આપવું કે કોઈ સ્ત્રી ઉપર અત્યાચાર ન કરવો. નહિં તો તેની વિદ્યાઓ ચાલી જશે. કેવો સરસ હિતોપદેશ છે. !

આમ કહી—ઊંચે અવાજે કહીને સૂર્યને ચંદ્ર જ્યાં સુધી રહે-અર્થાત્ ત્રણે કાળમાં પાળવા યોગ્ય મર્યાદા રત્નની ભીંત ઉપર ધરણેંદ્રે લખી અને પછી પોતાના સ્થાને ગયા.

આ પ્રમાણે મર્યાદાનું દૃઢતાથી પાલન કરતા આ રાજપુત્રો પોતાની વિદ્યાનો કેવો સદુપયોગ કરે છે એ જણાવી આ લેખ સમાપ્ત કરીશ.

" तौ नित्यमृषभस्वामिमूर्तिपूजाकृतक्षणौ "

બન્ને ભાઇઓ નિરંતર શ્રી ઋષભદેવ પ્રભૂની મૂર્તિની પૂજા કરે છે. અને ધર્મને બાધા ન આવે તેવી રીતે ગૃહસંસાર ચલાવે છે. અને વિદ્યાઓના પ્રતાપે

नन्दीश्वरादितीर्थेषु जग्मतुस्तौ कदाचन शाश्वतप्रतिमार्चायै श्राद्धश्रीणां फलं ह्यदः ।

બન્ને ભાઇ કદી કદી નંદીશ્વરાદિ મહાતીર્થમાં શાશ્વત જિનપ્રતિમાઓના પૂજન માટે જતા. શ્રાવકોની લક્ષ્મીનું આ જ ફલ છે.

ખરેખર કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજ બહુ જ ઠીક-ઉચિત જ કહે છે કે શ્રાવકો-શ્રદ્ધાસંપન્ન શ્રાવકોના વૈભવનો-લક્ષ્મીનો-પ્રભુતાનો ખરો લાભ એમાંજ છે કે જેનો ઉપયોગ આત્મકલ્યાણ માટે જ થાય.

तौ कदाचिद् विदेहादिक्षेत्रेषु श्रीमदर्हताम्, गत्वा समवसरणे पपतुर्वाक्सुधारसम् ॥
चारणश्रमणेभ्यश्च, कदाचिद् धर्मदेशनाम् , तौ शुश्रुवतुरुत्कर्णौ, गीतं युवमृगाविव ॥
सम्यक्त्वनन्तावक्षीणकोशौ विद्याधरीवृत्तौ, त्रिवर्गाबाधया राज्यं यथावत् तौ प्रचक्रतुः ॥

તે બન્ને ભાઈઓ કદી કદી મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજમાન શ્રી જિનવરેન્દ્રના સમવસરણમાં જઈ તીર્થંકર-વિહરમાન દેવની વાણીના અમૃતનું પાન કરતા હતા. જાણે એ યુવાન મૃગો કાન ઊંચા કરીને સંગીત સાંભળતા હોય તેમ જંઘાચારણ અને વિદ્યાચારણ શ્રમણપુંગવો-મુનિપુંગવો પાસે જઇ જિજ્ઞાસાપૂર્વક ધર્મદેશના શ્રવણ કરતા હતા અર્થાત્ યુવાન મૃગલાંઓ ખૂબ એકાગ્રતાથી, તલ્લીનતાથી મધુર સંગીત સાંભળે તેમ આ બન્ને રાજપુત્રો મુનિવરોની ધર્મોપદેશના ખૂબ જ રસપૂર્વક-જિજ્ઞાસાપૂર્વક સાંભળતા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુક્રમે ત્રણે વર્ગ( ધર્મ, અર્થ ને કામ )ને બાધા ન પહોંચે તેવી રીતે સમ્યક્ત્વશાલી, અક્ષીણ ભંડારવાળા, શ્રીસંપન્ન અને વિદ્યાધરીઓના સમૂહથી યુક્ત આ બન્ને રાજ્યને ભોગવતા હતા.

આ ઉપરથી સુજ્ઞ વાંચકો પણ હિત બોધ ગ્રહણ કરે. પોતાનો વૈભવ–પ્રભુતા કે સત્તા કોઈની અવમાનના કરવામાં ન વાપરે. સાથે જ સમકીતિ જીવો પોતાને મહાન્ સામ્રાજ્ય મળે કે અતુલ સંપત્તિ મળે, ગમે તેવા વૈભવો મળે કે વિદ્યાઓ મળે છતાં સદાયે તેનો સદુપયોગ જ કરે. જિનવરેન્દ્રની પૂજા–સુગુરુઓની ઉપાસના અને ધર્મશાસ્ત્રનું શ્રવણ, તે પ્રમાણે આચરણ એ શ્રાવકોનાં ખાસ લક્ષણ છે. અહીં નમિ કે વિનમિ વિદ્યાધરોની વિદ્યાની કે વૈભવની પ્રશંસા નથી, અહીં તો આટલું સુખ, આવું સામ્રાજ્ય, બીજાને મદોન્મત્ત બનાવે તેવી વિદ્યાઓ પ્રાપ્ત થવા છતાં યે આ બધાનો ઉપયોગ જિન દેવદર્શન પૂજન શાસ્ત્રશ્રવણમાં જ કર્યો. સદાયે પવિત્ર જીવન ગાળ્યું અને ત્યારપછી અક્ષીણ અવિનાશી ઐહિક સુખસંપન્ન રાજ્ય, કુટુમ્બ–પરિવાર આદિ છોડી પોતાના દાદા પાસે શ્રી ઋષભદેવજી પ્રભુ પાસે ભાગવતી દીક્ષા લીધી અને અન્તે શ્રી સિદ્ધિગિરિરાજ ઉપર અનશન કરી બે કરોડ મુનિપુંગવો–મુનિરાજો સાથે ફાગણ શુદિ ૧૦મે નિર્વાણ–મોક્ષ લક્ષ્મી પામ્યા. મહાનુભાવ વાંચકો પણ આ પ્રમાણે જીવન શુદ્ધ બનાવી મોક્ષમાર્ગના અભિલાષી બનો એ જ શુભેચ્છા.

ધર્મના વિશાળ વિષયના અભ્યાસમાં મને એવું સમજાયું છે કે આપણે ધર્મના શુદ્ધ રૂપને ભૂલી અશુદ્ધ અંશને વળગી પરસ્પર વિગ્રહ અને ક્લેશ કરીએ છીએ. ધર્મભાવના આપણી સાચી ' સૂઝ 'વાળી હોય તો આપણા ધર્મના બાહ્ય આચારો ગમે તેટલા દેશકાળ અને નિમિત્તોને લઇ જુદા હોય તો પણ આંતરવિચારવડે પરસ્પરના ધર્મની ભાવનાની કદર કરી શકીએ એટલું જ નહિ પણ અપધર્મમાં તણાતાં આપણે બચી શકીએ.

નર્મદાશંકર દે. મહેતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# *સમ્યગ્ જ્ઞાનની કુંચી.

[ ગતાંક પૃષ્ઠ ૧૧૦ થી શરૂ ]

## આત્માની ધર્મવિમુખતાના સંભાવ્ય કારણો અને આત્માનુ અધઃપતન.

ભૌતિક પદાર્થોની સંલગ્નતાથી મૃત્યુ થશે એવી પ્રભુએ આદમને ચેતવણી આપી હતી. ભૌતિક પદાર્થોની સંલગ્નતાથી બધા સંસારી મનુષ્યોનું મૃત્યુ થાય છે અર્થાત્ બધા સંસારી મનુષ્યો અવશ્ય મરણાધીન છે એ સુવિદિત છે. મૃત્યુ વસ્તુતઃ શરીરનું થાય છે પણ આત્મા વ્યામોહને કારણે પોતાનું જ મૃત્યુ થયું એમ માને છે. આ રીતે આત્માનું (આત્માનાં વિવિધ શરીરોનું) મૃત્યુ અનેક વાર થાય છે.

વિશુદ્ધ અને સંપૂર્ણ આત્મા તથા સંસારની લાલસાઓયુક્ત આત્મામાં શો ભેદ છે તે આદમનાં અધઃપતન ઉપરથી યથાર્થ રીતે નિર્દિષ્ટ થઈ શકે છે. વિશુદ્ધ આત્મા સુખમય અને અમર હોય. વાસનાયુક્ત આત્મા દુઃખી અને મરણાધીન હોય. વાસનાઓનાં ઉન્મૂલનથી જ સંસારી આત્મા પરમ દેવત્વ પ્રાપ્ત કરી શકે છે. વાસનાઓનો ઉચ્છેદ કર્યા વિના સંસારી આત્માથી વાસ્તવિક રીતે કોઈ પણ પ્રકારની ઉન્નતિ સાધી શકાતી નથી. વિશુદ્ધ આત્મા અને તેના વચ્ચે મહાન્ અંતર રહે છે. વાસનાઓના સંપૂર્ણ ક્ષયથી જ એ મહાન્ અંતરનું નિવારણ થઈ શકે છે. સંસારી આત્મા પરમાત્મા બની શકે છે. સંસારી આત્માને પરમાત્મા પદની પ્રાપ્તિ સુપ્રયત્નોવડે થાય છે.

હિન્દુ ધર્મશાસ્ત્રો અનુસાર, બ્રહ્માનું અધઃપતન એ આત્માનાં આધ્યાત્મિક કાર્યનાં એક રૂપક દૃષ્ટાન્તરૂપ છે. બ્રહ્માનાં રૂપક રૂપ દૃષ્ટાન્ત ઉપરથી, આત્માનું અધઃપતન ભૌતિક પદાર્થો સાથે સાયુજ્ય થવાને કારણે કેવી રીતે થાય છે એ બરોબર સમજી શકાય છે. આદમનાં અધઃપતનવિષયક પ્રકરણ અભિશાપથી પૂરું થાય છે. આદમનાં કરુણ પ્રકરણ ઉપરથી બુદ્ધિનું સત્ય સ્વરૂપ યથાર્થ સ્વરૂપમાં સમજી પણ શકાતું નથી. આદમનું રૂપક વૈદિક મંતવ્યને અનુરૂપ હોવા છતાં તેમાં બુદ્ધિનું સ્વરૂપ યથાર્થ રીતે આલેખવામાં આવ્યું નથી. બુદ્ધિનાં વિકૃત સ્વરૂપનું જ પ્રાયઃ આલિખન

* શ્રીયુત ચંપતરાય જૈના બેરીસ્ટર એટ-લૉ. ના 'કી ઓફ નોલેજ'નો અનુવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયાથી આદમનાં રૂપક ઉપરથી બુદ્ધિનાં સ્વરૂપ સંબંધી આવશ્યક જ્ઞાન અશક્ય બને છે. બુદ્ધિનું સ્વરૂપ તેની ઉજ્જવળ દૃષ્ટિએ પણ દોરવું જોઇએ. આનું કારણ એ છે કે, બુદ્ધિના સુયોગ્ય નેતૃત્વ વિના આત્માની મુક્તિ જ અસંભાવ્ય છે. આત્માનું અધઃપતન થાય ત્યારે પણ બુદ્ધિ તે પ્રાપ્તિમાં સાધનરૂપ થઇ પડે છે.

સ્વકીય ઇચ્છા-શક્તિનો અભાવ એજ બુદ્ધિની નિર્બળતા છે. આથી બુદ્ધિ આત્માને સદા આધીન રહે છે અને આત્માની ઇચ્છાને અનુરૂપ કાર્યો કરે છે. પતિની ઇચ્છાથી ઇવ ફળોનું ભક્ષણ કરે છે, એથી બુદ્ધિની (આત્માને) પરાયતત્તા સૂચિત થાય છે. ઇવ પરાધીન હોવાથી જ તેણે અગાઉ તક મળી હતી તે વખતે ફળોનું ભક્ષણ નહોતું કર્યું. બુદ્ધિ એ વસ્તુતઃ અનિષ્ટકારી નથી એમ આથી સ્પષ્ટ થાય છે. ઇચ્છાશક્તિને માટે બુદ્ધિને જે કાર્ય કરવાનું હોય છે તે કાર્યનું સ્વરૂપ જે વરણીશક્તિ( પસંદગીની શક્તિ)થી થાય છે તે વરણી-શકિતથી જ વિશ્વમાં અનેક અનિષ્ટો ઉદ્ભવે છે. બુદ્ધિ વિવેકશક્તિને કારણે આત્માને જ્ઞાનની પ્રાપ્તિ કરાવે છે. બુદ્ધિ જ્ઞાન-પ્રાપ્તિમાં ઇચ્છા-શક્તિને પણ ઉપયુક્ત થાય છે. બુદ્ધિથી અપાતાં આ જ્ઞાનની વરણી ઇચ્છા-શક્તિથી જ થાય છે. મંદિર, દ્યૂત-ગૃહ આદિ ઇષ્ટ અનિષ્ટ સ્થાનોમાં રાત્રિએ જવું હોય તો દીપકની સામાન્ય રીતે જરૂર રહે છે. તેમ પ્રજ્ઞા આદિની પ્રાપ્તિ માટે બુદ્ધિરૂપ દીપક આવશ્યક થઇ પડે છે. બુદ્ધિથી પ્રજ્ઞાનો પ્રાદુર્ભાવ થાય તો તે સુખદાયી નીવડે છે. બુદ્ધિથી વિકૃત જ્ઞાનનો આવિર્ભાવ થાય તો દુઃખની નિષ્પત્તિ થાય છે. બુદ્ધિનો યોગ્ય ઉપ-યોગ થતાં તે સદૈવ હિતકર બને છે. સદ્બુદ્ધિથી ઉચ્ચ ગૌરવ અને શક્તિની પ્રાપ્તિ પણ થાય છે. ઉચ્ચ પ્રતિની સંસ્કારી બુદ્ધિથી મુક્તિરૂપ પરમપદની લબ્ધિ પણ થઇ શકે છે. ભૌતિક શરીર કે શરીરોની સંલગ્નતા નિમિત્તે જ આત્મા બુદ્ધિનો ઉપયોગ કરે છે ત્યારે બુદ્ધિ અનર્થકારી નીવડે છે. બાઇબલના પરમ બોધનું રહસ્ય એ છે કે, ભૌતિક વસ્તુઓ પ્રત્યેનો મોહ છોડી દેવો અને આત્મામાં જ તલ્લીન થવું. ઇચ્છા-શક્તિની પરાધી-નતાનો પરિત્યાગ કરી બુદ્ધિ આત્માની ઉન્નતિમાં જ ઓતપ્રોત થાય છે ત્યારે તે પરમ શક્તિશાળી સાધનરૂપ બને છે. આત્માનાં વાસ્તવિક કલ્યાણમાં જ નિમગ્ન રહેતી બુદ્ધિ મહાનમાં મહાન શક્તિ થઇ પડે છે, આત્મ-શ્રેયમાં જ પ્રવૃત્ત રહેતી બુદ્ધિ કોઇ અનિષ્ટકારી નથી. આત્માનાં સર્વોચ્ચ શ્રેયમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તલ્લીન થયેલી બુદ્ધિમાંથી અનિષ્ટ તત્ત્વનું સર્વથા ઉન્મૂલન થાય છે. આત્માનું પરમ કલ્યાણ થાય એવી રીતે પ્રવર્ત્તમાન બુદ્ધિમાંથી અનિષ્ટ તત્ત્વો સાવ નાબૂદ થાય છે. આત્મ-કલ્યાણના ઉચ્ચ પંથે સંચરેલી બુદ્ધિમાં, અનિષ્ટ તત્ત્વોનું અસ્તિત્વ રહેતું જ નથી.

બુદ્ધિનો યથાયોગ્ય ઉપયોગ કર્યા વિના શ્રદ્ધાની પ્રાપ્તિ અશક્ય થઇ પડે છે. બુદ્ધિના યથાર્થ ઉપયોગથી જ સુશ્રદ્ધાની સંભાવના રહે છે. સંશયોનું છેદન એ બુદ્ધિથી જ શક્ય હોવાથી બુદ્ધિદ્વારા જ શ્રદ્ધાની પ્રાપ્તિ થઇ શકે એ સમજવાની ખાસ આવશ્યકતા છે. શ્રદ્ધાની પરિણતિમાં બુદ્ધિ પ્રમાણો ( પ્રમાણભૂત ગણાતાં ધર્મ-મંતવ્યો ) કરતાં પણ વિશેષ ઉપયુક્ત થઇ પડે છે. પ્રમાણનું ક્ષેત્ર વ્યાપક નથી. પ્રમાણોથી ચિત્તનું ચિરસ્થાયી સમાધાન નથી થતું. જે તે પ્રમાણનું રહસ્ય, મહત્ત્વ અને વિશ્વસનીયતા યથાર્થ રીતે પ્રતીત થાય છે તે પછી જ જે તે પ્રમાણનો સ્વીકાર સામાન્ય રીતે થાય છે. આથી પ્રમાણોથી દરેક શંકાઓનું નિરસન નથી થઇ શકતું. પ્રમાણો સર્વ રીતે આધારભૂત નથી થઇ શકતા. હમેશાં પ્રમાણો ઉપર જ આધાર રાખવો એ યુકત નથી. એકલા પ્રમાણો ઉપર આધાર રાખનાર મનુષ્યની સ્થિતિ વાલુકા ( રેતી ) ઉપર નિર્માણ કરેલાં ગૃહ જેવી થઇ પડે છે. કોઇ મહાપુરુષ કે ધર્મ-સંસ્થાપકના પ્રમાણભૂત ગણાતાં વચનો કે આજ્ઞાનું વિશ્વાસપૂર્વક સંપૂર્ણ પાલન અનેક રીતે તીવ્ર મતભેદોનું કારણ થઇ પડે છે એ જોતાં પણ પ્રમાણો ઉપર જ આધાર રાખીને બેસી રહેવું એ ઇષ્ટ નથી. મનુષ્યે બુદ્ધિનો પણ ઉપયોગ કરવો જોઇએ. પ્રમાણોથી પ્રાપ્ત થતો સંતોષ પ્રાયઃ વાસ્તવિક હોતો નથી. પ્રમાણોનાં પાચન વિના પ્રમાણો ઉપયુક્ત અને હિતકારી નથી થતાં એ સત્ય, પ્રમાણમાં નિરતિશય શ્રદ્ધા રાખનારા મનુષ્યોએ ખાસ સમજવાની જરૂર છે. જ્ઞાન તેનાં પાચન વિના નિરર્થક નીવડે છે તેમ પ્રમાણો પણ પાચન વિના નિરર્થક જ રહે છે. જ્ઞાનની જેમ પાચન વિના પ્રમાણોની સ્વકીયતા શક્ય નથી. પ્રમાણનું પાચન થઇ શકે તો જ તે મનુષ્યનું પોતાનું બને છે. કોઇ બીજો મનુષ્ય આહાર ગ્રહણ કરે તેથી એક મનુષ્યને કશોયે ફાયદો થતો નથી. મનુષ્ય પોતાનાં જ હિત માટે આહાર લે છે ત્યારે જ તે તેને ફલદાયી નીવડે છે. ગમે તેટલો આહાર બીજો મનુષ્ય લે તેથી એક મનુષ્યને શો ફાયદો ? આ જ પ્રમાણે જ્ઞાનનું સમજી લેવું. બીજાનાં જ્ઞાનથી મનુષ્યને કશોયે લાભ થતો, જ્ઞાનની સ્વયંપ્રાપ્તિથી જ જ્ઞાન કલ્યાણકર થઇ પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપદેશમાળા અપરનામ પુષ્પમાળા,
પ્રકરણ અંતર્ગત-

## હિતોપદેશ.

૧. **ચાર પ્રકારની વિનયપ્રતિપત્તિ:**—તપ, સંયમ પ્રમુખ કરવા કરાવવા અને અનુમોદવા રૂપ **આચારવિનય**; સૂત્રવાચના, વ્યાખ્યાનાદિક રૂપ **શ્રુતવિનય**; મિથ્યાદૃષ્ટિ જનોને સમ્યક્ત્વ ધર્મ પમાડવા રૂપ **વિક્ષેપણાવિનય**; વિષય-કષાયાદિકથી દોષિત જીવને તે તે દોષથી નિવર્તાવવા રૂપ દોષ-**નિઘતિનાવિનય**-ધર્મ સદા મંગળકારી છે.

૨. ગચ્છ સમુદાયને સારણા-વારણાદિક શિક્ષા દેવામાં સાવધાન રહેનારા ગીતાર્થ ગુરુ જાણવા. તે સિવાય શિષ્યોનું ફોગટ લાલન-પાલન કરનાર ગમે તેવા ગુરુ કલ્યાણકારી નથી.

૩. ભવ-ભયથી શરણે આવેલા સાધુઓને જે હિતતિક્ષા દેતો નથી, ઉપેક્ષા કરતો રહે છે તે શરણાગત આવેલાઓના મસ્તક કાપનાર જેવો મહાપાપી જાણી પરિહરવા યોગ્ય છે.

૪. શિષ્યોના દોષો નિવારવામાં ન આવે તો તે બાપડા સંસાર-સાગરમાં ડૂબે છે અને તેમના દોષોનું નિવારણ કરવાથી તેઓ સંસાર તરી જાય છે ને અક્ષય સુખ પામે છે.

૫. સન્માર્ગનું સ્મરણ કરવારૂપ **સારણા**, અસદ્‌માર્ગથી નિવારવારૂપ **વારણા**, મિષ્ટ-મધુર વચનથી સંયમમાર્ગમાં પ્રેરવારૂપ **ચોયણા**, તેમ છતાં ન માને તો કઠણ વચનથી પણ હિતમાર્ગમાં પ્રવર્તાવવારૂપ **પરિચોયણા** જે ગચ્છમાં કરવામાં ન આવે તે

---

**શાસ્ત્રો આદિનાં પ્રમાણો શ્રદ્ધાના આધારસ્તંભરૂપ છે એમ કોઈ રીતે ન કહી શકાય. એ પ્રમાણોથી ઘણીયે વાર શંકામાં વધારો થાય છે. શંકાની વૃદ્ધિ થયાથી જે તે પ્રમાણના સંબંધમાં પ્રશ્નોની પરંપરા જાગે છે. પ્રમાણોનાં રહસ્ય આદિના સંબંધમાં વિવિધ પ્રકારની આશંકાઓ ઊઠે છે. પ્રમાણોની વિશ્વસનીયતા શંકાસ્પદ જણાય છે, પ્રમાણોની વિશ્વસનીયતાનો પ્રશ્ન વસ્તુતઃ એવો છે કે, પ્રમાણોના સંબંધમાં મતભેદ થાય તો એ મતભેદનું નિરાકરણ દુર્ઘટ બને છે, વસ્તુઓ અને કુદરતના નિયમોના સ્વરૂપનાં યથાર્થ જ્ઞાનથી જ પ્રમાણ વિષયક મતભેદોનું સમાધાન થઈ શકે. આવું જ્ઞાન દુર્લભ હોવાથી પ્રમાણો સંબંધી મતભેદોનું નિરાકરણ કેટલું દુષ્કર છે તે સમજી શકાય છે, પ્રમાણો કરતાં બુદ્ધિની ઉપયુક્તતા વિશેષ છે, બુદ્ધિથી અનેક મતભેદોનું સમાધાન પણ થઈ શકે છે.** (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગચ્છને અગચ્છ રૂપ નિઃસાર સમજી, સંયમના અર્થી સાધુઓએ તજી, બીજા સારા સુવિહિત ગચ્છમાં જઇ વસવું અને નિર્મળ રીતે સંયમ-માર્ગનું પ્રતિપાલન કરવા ન ચૂકવું.

૬. ગચ્છની ઉપેક્ષા કરતો ગુરુ દીર્ઘકાળ સંસાર પરિભ્રમણ કરે છે અને વિધિવત્ ગચ્છનું સારણાદિકવડે સંરક્ષણ કરતાં તે ત્રીજે ભવે સિદ્ધિપદ પામે છે, એમ **ભગવતી સૂત્રમાં** કહ્યું છે.

૭. શિષ્યનું સ્વરૂપ-લક્ષણઃ—સુશિષ્યો ગુરુમહારાજના આશયના જાણ, ચકોર, ઉપશાન્ત અને કોઇ રીતે કુળવધૂની પેઠે ગુરુમહારાજને નહીં છેડનાર, વિનય કરવામાં રક્ત તથા કુલીન-જાતવંત હોય.

૮. આકાર તથા ઇંગિત જાણવામાં કુશળ, કદાચ (પરીક્ષાનિમિત્તે) ગુરુમહારાજ કાળા કાગડાને ઉજળો કહે તો પણ તે વચનને ખોટું ન પાડે, પણ એકાન્ત સ્થળે અવસર પામીને તેનું રહસ્ય પૂછે એવા સુવિનીત શિષ્યો હોય. વિનય પ્રયુજવા સદા સાવધાન રહે. વિનયવૃત્તિમાં જ શિષ્યની ખરી શોભા છે.

૯. હું ગુણવાન છું એવી રીતે નિજ ગુણ-ગર્વવડે માતો, સ્તબ્ધ-અભિમાની છતો જે ગુરુમહારાજનો વિનય ન કરે તથા જે તુચ્છમતિ, અવર્ણવાદી-નિંદાકારી અને ગુરુ-પ્રત્યનીક (શત્રુ સમો) હોય તે શિષ્ય નહીં પણ શલ્યરૂપ જાણવો.

૧૦. સારણા-વારણાદિક જેને પ્રિય નથી અને ગુરુમહારાજ સારણાદિક કરે તો જે તેમના ઉપર કોપ કરે તે પાપી ઉપદેશને પણ યોગ્ય નથી; તો પછી શિષ્યપણાનું તો કહેવું જ શું ? મતલબ કે, તે કેવળ કંટક તુલ્ય ઉપેક્ષા કરવા યોગ્ય જ સમજી લેવો.

૧૧. આપચ્છંદે વર્તનાર એવા કુશિષ્યને, ગુરુમહારાજાએ જાણી જોઈને જ તજી દેવો-ગચ્છને બહાર કરવો; નહિ તો તે આપચ્છંદી સાધુ બીજા સારા સાધુઓને પણ બગાડે.

૧૨. જે ભાગ્યવંત શિષ્યો જીવિત પર્યન્ત ગુરુકુળવાસને તજતા જ નથી તેમને અભિનવ-નવાનવા જ્ઞાનની પ્રાપ્તિ થાય છે; તેમજ શ્રદ્ધા ચારિત્રમાં તેઓ સુદૃઢ બને છે.

૧૩. પ્રથમ ગુરુમહારાજાએ શિષ્ય હિતાર્થે પ્રયુંજેલું વચન તીખું-આકરું પણ લાગે, પરંતુ પરિણામે તે જ વચન કમળ-દલ જેવું શીતળ (સુખશાન્તિકારી) જણાય છે.

૧૪. તેથી પુણ્યવંત શિષ્યો ગુરુકુળવાસને એવી રીતે સેવે છે કે તેઓ પંથક મુનિની પેરે ગુરુમહારાજને પણ કલ્યાણકારી થાય છે. પંથક મુનિનું ચરિત્ર ઉપદેશમાળાદિકમાં સુપ્રસિદ્ધ જ છે. એના ઉપરથી ધડો લઇને ઉત્તમ શિષ્યોએ નિષ્કામ ગુરુસેવા કરવી.

૧૫. સમસ્ત અતિશયધારી-લબ્ધિસંપન્ન અને તદ્ભવમોક્ષગામી એવા શ્રી ગૌતમસ્વામી પ્રમુખ ગણધરો પણ નિષ્કામ ભક્તિભાવે ગુરુકુળવાસમાં જ રહેલા હતા.

૧૬. ગુરુકુળવાસ તજીને એકલા સ્વચ્છંદવિહારી સાધુ કુલવાલક સાધુની પેઠે નિશંકપણે અકાર્ય સેવે છે અને વ્રતથી ભ્રષ્ટ થઇ, ભવ-અટવીમાં ભમો દુઃખી થાય છે.

૧૭. એટલા માટે મુમુક્ષુ જનોએ મોક્ષના પ્રથમ સાધનરૂપ ગુરુકુળવાસ સેવી સદ્ગુરુને સેવવા તેમજ તેમની સમીપે જે જે પ્રમાદાચરણ થયું હોય તે સમ્યગ્ રીતે આલોચવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સજ્જન અને દુર્જન ઉપર કાતર
## અને સોય દોરાના ઉપનયવડે
## સજ્જન અને દુર્જનના લક્ષણો.

કાતરનો સ્વભાવ, એક હોય તેને બે–અભિન્ન હોય તેને ભિન્ન કરવાનો છે. કોઇએ કયારે પણ આથી વિરુદ્ધનો ગુણ કાતરમાં નહીં જ જોયો હોય; કેમકે અગ્નિમાં જળની અને જળમાં અગ્નિની સંભાવના કયાંથી હોય ?

દુર્જનો કાતરના સ્વભાવવાળા હોય છે. જ્યાં ઐકયતા હોય ત્યાં કુસંપ કરાવી, ઉદીરણા કરીને તે પ્રકારનું વાતાવરણ ઉત્પન્ન કરી, અરસપરસ લડાવી મારવામાં જ તેની શક્તિ પર્યાપ્ત થાય છે. આમ કરવામાં તેને લાભ મળે છે એમ કાંઇ નથી પરંતુ દુર્જનોનો સ્વભાવ જ એવો હોય છે કે જેથી સારી વસ્તુ પણ તેને સારા રૂપમાં જણાય જ નહીં. પરિણામે પોતાની શક્તિનો દુર્વ્યય કાતર તરીકેના કાર્યો કરવામાં થાય છે.

વળી એ પણ નિશ્ચિત જ છે કે મકાન ચણવામાં મુશ્કેલીઓ નડે છે અને સમય પણ વધુ લાગે છે પણ પાડવામાં તેમ નથી હોતું. ડુંગર ચડવામાં મુશ્કેલી હોય છે પણ તેટલી મુશ્કેલી ઉતરવામાં નથી હોતી. તેવી જ રીતે ઉચ્ચ જીવન ગાળવામાં,–સુસંપ અને ભ્રાતૃભાવથી વર્તવામાં અનેક વિઘ્નો અને અવરોધો હોય છે, પરંતુ ચિરકાળના સ્નેહને પણ તોડી નાખવા માટે એક જ કલહકારી વચન બસ હોય છે. મતલબ કે દુર્જનો આવા કાર્યમાં જલ્દી ફાવી શકે છે; કેમકે જનસ્વભાવ તેવા પ્રકારનો હોય છે.

સુભાષિતકારોએ કહ્યું છે કે:—

સર્પના મુખમાં વિષ હોય છે, વીંછીના ડંખમાં ઝેર હોય છે અને માખીના પુંછમાં ઝેર હોય છે પરંતુ દુર્જનના તો આખાયે અંગમાં ઝેર હોય છે; તેથી જ તો:—

दुर्जनं प्रथमं वंदे सज्जनं तदनन्तरम् ॥

દુર્જનને પ્રથમ જ નમસ્કાર કરવો અને સજ્જનને ત્યારપછી કરવો; કારણ કે

---

**આલોચના:**—કેવા ગુરુની પાસે કરવી ? આલોચના કરનાર શિષ્ય કેવો જોઇએ ? કઇ બાબત ગુરુ પાસે આલોચવી ? એ વાત ગુરુગમ્ય રૂડી રીતે અવધારી સુવિનીતભાવે નિઃશલ્યપણે જેમ માબાપ આગળ બાળક સરળ ભાવે પોતાને જણાવવા જેવું હોય તે વગરસંકોચે જણાવે તેમ ભવભીરુ જનોએ સ્વદોષની આલોચના તેવા સરળ ભાવે કરી, તેનું યોગ્ય પ્રાયશ્ચિત્ત અંગીકાર કરી જેમ બને તેમ જલ્દી પ્રસન્ન દિલથી તેનો આદર જરૂર કરવાથી સાર્થકતા લેખાશે.

**સંગ્રાહક સ. ક. વિ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સજ્જન એ તો ગમે તેવા સંજોગોમાં પણ સજ્જન જ રહે છે, પરંતુ દુર્જનને પોતાના જાતિસ્વભાવ ઉપર જતાં વાર લાગતી નથી.

બની શકે તો એવા દુર્જનોના પડછાયાથી પણ છેટું રહેવું સારું છે, પરંતુ કદાચ તેવાના પનારા પડ્યા હોય તો તેની ભંભેરણીથી અલિપ્ત રહેવું. અને તેની કહેલી વાતમાં સત્યાંશ કેટલો છે એ જાણવા માટે તે વાતની યથોચિત બાદબાકી કરીનેજ નિર્ણય બાંધવો.

કાતર જેવા દુર્જન પુરુષો વિષે તો આપણે વિચાર્યું, પણ ભાંગેલાને સાજા કરનાર–ત્રુટેલાને સાંધી એક કરનારનો પણ વિચાર કરવો પડશે.

સોય બીચારી શરીરે નાની છે, પરંતુ કાર્ય મહાન કરે છે. જ્યારે કાતર સ્થૂલાંગી હોવા છતાં કાર્ય અયોગ્ય કરે છે. પાતળી એવી સોય એ ત્રુટેલ કપડાને એકત્ર કરી સાંધી આપે છે અને એ રીતે ઐક્યતાના મહાન સિદ્ધાંતને તે અનુસરે છે, પરંતુ એકલી સોય પણ પૂર્ણ રીતે કાર્યસાધક નીવડતી નથી. દોરા વિનાની એકલવાઇ સોય શું કરી શકે ? તે જ્યાં સુધી કપડામાં હોય ત્યાં સુધી થોડા ભાગને તે સંલગ્ન ભલે રાખે, પરંતુ એ રીતે કામ આગળ ન જ વધે તે સ્વાભાવિક જ છે.

વસ્ત્રને સાંધવામાં, પુસ્તકને એકત્ર રાખવામાં સોય આગળ ચાલે છે ખરી, પણ ખરું કામ તેની પછવાડે ચાલનાર દોરો કરે છે. પોતાના દેહનું ઐક્યતામાં બલિદાન આપીને–સમર્પણનો મહામંત્ર કહેવા કરતાં કરી બતાવીને તે એકત્રતા સ્થાપે છે. આપણે મુક્તકંઠે કહેવું જ પડશે કે એ સાંધેલા વસ્ત્રને કે છૂટા થયેલા ચોપડીના પાનાઓને એક સ્થાને યોજવાનું બધુંયે માન દોરા ભાઇને ઘટે છે.

સજ્જનો સોય–દોરા જેવા હોય છે. અન્યનું હિત કરવામાં જ તેના ત્રિકરણ યોગો પરોવાયેલા હોય છે. કેટલાક સજ્જનો સંજોગના અભાવે સોયની માફક આગળ ચાલીને પણ સ્વ–પર હિતના કાર્યોમાં રક્ત હોય છે. જ્યારે કેટલાક સજ્જનો અન્યની પ્રેરણાથી દોરાની માફક જાતિભોગ આપી સ્વપરહિત–સ્વપરકલ્યાણ–સ્વપરશાન્તિની સાધના કરે છે.

જો સોય–દોરાની માફક સજ્જન બની શકાય તો તો ઉત્તમ વાત છે, પહેલા નંબરની વાત છે; પરંતુ જો તેમ ન જ બનતું હોય તો કદી પણ કાતર સ્વરૂપી દુર્જનનું કાર્ય તો ન જ કરવું. એ માણસાઇનું પ્રથમ લક્ષણ છે. આપણે ઉપર જોઇ ગયા છીએ કે—

" કાતર કાપી જુદા કરે, સોય કરે સંધાન. " માટે કોઇને ભિન્ન કરવામાં–કુસંપનું સામ્રાજ્ય સ્થાપવામાં–કષાયને પ્રદીપ્ત કરવામાં–એવાં એવાં અકાર્યો કરવામાં કોઈ પણ સુજ્ઞ જનનો ફાળો ન જ હોવો જોઇએ. અસ્તુ !

રાજપાળ મગનલાલ વ્હોરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાસ્તાવિક તત્ત્વબોધ.

૧ કામ-વિકાર સમો કોઇ મોટો રોગ નથી, મોહ સમાન કોઇ પ્રબળ શત્રુ નથી, ક્રોધ સમાન બીજો ઉગ્ર અગ્નિ નથી અને આત્મજ્ઞાન સમાન ખરું સુખ નથી.

૨ જન્મ-જરા-મરણરૂપી રોગોનું સમ્યકૃત્વ અને જ્ઞાનરૂપી ઔષધ આપી જે નિવારણ કરે છે તેને જ સાચા-પારમાર્થિક વૈદ્ય સમજવા.

૩ ક્રોડો જન્મોવડે, અજ્ઞાન કષ્ટયોગે, અજ્ઞાની જીવ જે અકામ નિર્જરાથી કર્મ ખપાવે તે સાવધાન જ્ઞાની મહાત્મા બે ઘડીની અંદર ખપાવી શકે છે.

૪ મમતા રહિત સ્થિતિ કરવી એ પરમ તત્ત્વ છે, મમત્વ રહિતપણું પરમ સુખરૂપ છે, નિર્મમત્વપણું એ મોક્ષનું પરમ બીજરૂપ છે એમ ખરા અનુભવી જ્ઞાની મહાત્માઓએ વખાણ્યું છે. અતઃ તે ખાસ આદરણીય છે.

૫ સર્વવિનાશક એવા લોભને ટાળવા સંતોષ ગુણ, સુખ-શાન્તિ પ્રાપ્ત કરી લેવા ધૈર્ય-દ્રઢ સંયમગુણ અને શુદ્ધ તપ-ધર્મની વૃદ્ધિ અર્થે સુસંયત સાધુજનો તત્ત્વ-જ્ઞાનને ધારણ કરે છે એ જ ઉપાદેય છે.

૬ શીલ-સંપદાયુક્ત સદા નિર્ધનતા સહેવી સારી-લાભકારી છે, પરંતુ શીલ-ચારિત્રવર્જિત ચક્રવર્તીની ઋદ્ધિ સાંપડે તો તે ખરી લાભદાયક લેખાય નહીં.

૭ જે સુખ સ્વાભાવિક-સ્વસ્વાધીન વર્તે છે તે જ ખરું-વાસ્તવિક સુખ છે એમ જ્ઞાની અનુભવી મહાત્માઓએ વર્ણવેલ છે, તથા જે સુખ પરતંત્ર છે તે દુઃખ જ છે; સુખ નથી.

૮ જ્યારે આ આત્મા શાન્ત-પ્રશાન્ત સ્થિતિમાં આવી જાય ત્યારે તે પોતે જ સુમહાન્ તીર્થરૂપ બને છે, જ્યારે તે તેથી વેગળો વસે છે ત્યારે તેનું તીર્થભ્રમણ નિષ્ફળ બને છે. તીર્થયાત્રા નિવૃતિ-શાન્તિ અર્થે જ બનતી હોય તો જ તેની સાર્થકતા-સફળતા લેખાય.

૯ આપણા આત્માને રૂડા જ્ઞાન-નીરવડે નિત્યે ન્હવરાવતા રહીએ જેથી આ ભવમાં તો શું પણ આગામી જન્મોમાં પણ નિર્મળતા-ખરી શુદ્ધતાને તે વરે.

૧૦ પ્રિય, પથ્ય ને તથ્ય-સત્ય વચનવડે આપણી વાણી શુદ્ધ પવિત્ર બને. સમ્યગ્ જ્ઞાનવડે વિચાર શુદ્ધ-નિર્દોષ બને અને સદ્ગુરુની સેવા-ઉપાસના-ભક્તિ કરવાવડે કાયા શુદ્ધ-પવિત્ર બને. ઉપરોક્ત શુદ્ધિને જ સાચી-વાસ્તવિક-કાયમ ટકી રહે એવી શુદ્ધિ સમજી સજ્જન-મુમુક્ષુજનોએ તેનો જ અત્યંત આદર કરવો જોઇએ.

## સારરહસ્ય.

જો જીવને જન્મ-જરા-મરણજનિત અનંત દુઃખપરંપરાથી ખરો ત્રાસ-ખેદ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# लक्ष्मीनुं माहात्म्य अने दाननुं स्वरूप.
## ते कोना भूषणरूप छे ?

( ગતાંક પૃષ્ઠ ૧૧૨ થી શરૂ )

સુપાત્ર પ્રત્યે આપેલું દાન ધર્મના કારણરૂપ છે, અન્ય પ્રત્યે દીધેલું દાન દયાને જણાવનારું છે, મિત્ર પ્રત્યે દીધેલું દાન પ્રીતિ વધારનારું, શત્રુને આપેલું દાન વૈરનો નાશ કરનારું, ચાકર પ્રત્યે દીધેલું દાન ભક્તિના સમૂહને ધારણ કરનારું, રાજાને આપેલું દાન સન્માન અને પૂજા આપનારું અને યાચક વગેરેને આપેલું દાન યશને વધારનારું હોવાથી કોઇ પણ સ્થાને આપેલું દાન નિષ્ફળ જતું નથી.

સુપાત્ર પ્રત્યે આપેલું થોડું પણ દાન, પાણીમાં નાખેલ તેલની જેમ વિસ્તારને પામે છે. કહેવાય છે કે વ્યાજે આપેલું બમણું, વ્યાપારમાં ચારગણું, ક્ષેત્રમાં સોગણું અને સુપાત્ર પ્રત્યે આપેલું દાન અનંતગણું થાય છે.

સ્વાતિ નક્ષત્રમાં વરસેલું પાણી સર્પના મુખમાં વિષરૂપે પરિણમે છે અને છીપના મુખમાં પડેલું મોતીરૂપ થાય છે, તેમ સુપાત્ર કુપાત્રના ભેદે પાત્ર વિશેષની અપેક્ષાએ મોટો અંતર છે, જેથી સુપાત્ર પ્રત્યે આપેલું દાન કલ્યાણકારી, શાંતિ આપનારું અને મોક્ષ પ્રત્યે લઇ જનારું છે. અને તે ધન ધર્માર્થી મનુષ્યે ન્યાયથી ઉપાર્જન કરેલું, ક્ષેત્ર, કાળ અને ભાવથી નિર્દોષ થયેલું દાન કે જે કીર્તિ આદિક અપેક્ષા રાખ્યા વિના જ સુપાત્રને આપેલું હોય તો ઉપર પ્રમાણે ફલિતાર્થ પામે છે.

ઉપરોક્ત દાન દેવામાં દશ હેતુઓ સમાયેલા છે.

૧. રોગી અને ભિક્ષાચરોને દયાથી દાન અપાય છે. ૨. મદદ આપનારને સંગ્રહથી અપાય છે. ૩. દુર્જનોને ભયથી આપવું પડે છે. ૪. પુત્રાદિકને જુદા કરતી વખતે કારણિક, વ્યવહારથી દાન અપાય છે. ૫. લોકલજ્જાથી પણ આપવું પડે છે. ૬. ભાટ, ચારણો વગેરેને ગર્વથી અપાય છે. ૭. હિંસકોને અધર્મથી દેવાય છે. ૮. સાધુ આદિક ચતુર્વિધ સંઘને ધર્મબુદ્ધિથી અપાય છે. ૯. હું આને આપીશ તો મને કોઇ વખતે પણ ઉપકારક થશે, લાગવગ વધશે, સ્વાર્થ સધાશે એવી બુદ્ધિથી અપાય છે અને ૧૦. પ્રથમ આ પુરુષે મારા પર બહુ જ ઉપકાર કર્યો છે; માટે આપવું એવી બુદ્ધિથી અપાય છે.

---

કંટાળો આવ્યો જ હોય અને એથી દેહાદિક જડ ભાવ ઉપરથી મન વિરક્ત થયું હોય તો સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રવાળી ત્રિપથગા( દિવ્ય ગંગા )માં નિત્યે સાવધાન-પણે સ્નાન-નિમજ્જન કરી નિજ આત્માની અનાદિ રાગદ્વેષાદિકજનિત મલિનતા ટાળી શુદ્ધ-પરમશુદ્ધ-નિર્મળ થવું ઘટે. **સ. ક. વિ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રોમાં તો દાનના સુપાત્રદાન, અભયદાન, અનુકંપાદાન, કીર્તિદાન અને ઉચિતદાન એમ પાંચ પ્રકારો કહેલા છે, તેમાં પણ દુનિયામાં અપાતા સર્વ દાનોનો સમાવેશ થાય છે.

૧. વધ, બંધનાદિકથી ભયભીત થયેલા જીવોને તેમના પ્રાણોને બચાવી નિર્ભય કરવા તે **અભયદાન** કહેવાય છે. અને તેનાથી લાંબું આયુષ્ય, નિરોગી શરીર, ઉત્કૃષ્ટ રૂપ અને કીર્તિને સંપાદન કરે છે.

વિઘ્નોની શાંતિ માટે કરેલી હિંસા તે પણ વિઘ્ન કરનારી જ છે, તેમજ કુલાચારની બુદ્ધિથી કરેલી હિંસા કુલનો નાશ કરનારી છે, જેથી અભયદાનરૂપ ધર્મના આરાધનથી ઘણા મનુષ્યો મોક્ષમાં ગયા છે. શ્રી શાંતિનાથ પ્રભુનું દષ્ટાંત તે માટે મશહૂર છે.

૨. જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા તપ, ક્ષમા, શીલ, સંયમ વગેરે ગુણોને ધારણ કરવામાં પાત્રરૂપ તે સુપાત્ર કહેવાય છે અને તેઓને આપેલું દાન **સુપાત્રદાન** કહેવાય છે. જિનપ્રાસાદમાં, ઉત્તમ સાધુઓના ઉપયોગમાં આવતી વસ્તુઓ વહોરાવવામાં, ન્યાયથી ઉપાર્જન કરેલ લક્ષ્મી ઉદાર મનથી આપનારને છેવટે મોક્ષ મળે છે.શાલિભદ્રની જેમ વૈભવ-લક્ષ્મી મળે છે અને તેથી તીર્થંકર ચક્રીની પદવી પણ પ્રાપ્ત થાય છે.સતી ચંદનબાળાએ વીર પ્રભુને દાન દેવાથી તે જ ભવમાં મોક્ષ પ્રાપ્ત કરેલ છે.

૩. દીન, દર્દી તથા દુબળ રોગી વગેરે જીવોને પાત્રાપાત્રની વિચારણા કર્યા સિવાય જે દયાથી વસ્ત્ર, અન્ન, ઔષધ વગેરે આપવું તે **અનુકંપાદાન** કહેવાય છે. શુદ્ધ ધર્મીપણું દયાથી શોભતું હોવાથી આ દાન દેવું જ જોઇએ. તેના પર જગડુશાહ, વિક્રમરાજા વગેરેના ચરિત્રો મોજુદ છે. દાનનો એ ત્રીજો પ્રકાર છે.

૪. અવસર આવે યોગ્ય પરોણાને, દેવ ગુરુના સમાગમ વખતે, મંદિર ચણાવવા અને પ્રતિષ્ઠાના સમયે વધામણી આપનારને તેમજ કાવ્યકથાદિ સંભળાવનાર ઉત્તમ કવિ આદિને દાન આપવું તે **ઉચિતદાન** કહેવાય છે. તેના જગતમાં યશ, કીર્તિ વધે છે, શાસનની પ્રશંસા વધે છે. તેના વિક્રમ રાજા, ભોજ રાજા ને ધનપાળ કવિના દષ્ટાંતો પ્રસિદ્ધ છે.

૫. પોતાના કુળ, વંશ, રૂપ, વિદ્યા, ગુણ આદિકના વર્ણન માટે જે ભાટ, ચારણ, ગવૈયા, માગણ આદિકને જે દાન દેવું તે **કીર્તિદાન** કહેવાય છે. તેના ઉપર વિમળશાહનું ચરિત્ર જાણવા જેવું છે.

એ પાંચે દાનોમાંથી અભય અને સુપાત્રદાનથી મોક્ષ થાય છે તેમજ અનુકંપાદાન, ઉચિતદાન તથા કીર્તિદાનથી ભોગાદિક પણ મળે છે, માટે વિવેકી મનુષ્યોએ સર્વ પ્રકારે દાન ધર્મનું આરાધન કરવું.

**આત્મવલ્લભ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનની પરબ.

## કેળવણીની વધતી જતી આવશ્યકતા.

### ભવ્ય વાતાવરણ અને ઉત્સાહ વચ્ચે ખુલ્લી મુકાયેલ-

## શેઠ ઇશ્વરલાલ અમુલખરાય જૈન બોર્ડીંગ.

**બોર્ડીંગનો જન્મ:—**

રાધનપુરને આંગણે ' જૈન વિદ્યાભુવન ' નામની બોર્ડીંગ કેટલાક સમયથી વાર્ષિક લવાજમના ધોરણે ચાલતી હતી. છેલ્લા કેટલાક સમયથી આ તંત્ર શિથિલ બન્યું, જ્યારે તેનો માર્ગ કાઢવા માટે બોર્ડીંગને વધારે સમૃદ્ધ અને સગવડવાળી કરવાની અગત્ય વધી હતી.

મુંબઇના શેરદલાલ, રાધનપુરી શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલને આ અગત્ય સમજાણી. તેમનું ઉદાર દિલ સખાવતની અગત્ય સમજવા માટે બસ હતું. પછી તો એની પાછળ લાખો આપવા એ એમને મન મહત્વનો પ્રશ્ન ન હતો. સંસ્થાનું તંત્ર પોતાના પ્રહરથી ચલાવવાની જવાબદારી તેઓએ હાથમાં લીધી. આ સમયે સંસ્થાનું જૂનું ફંડ માત્ર ૭ હજારનું હતું. એટલે પોતાના તરફથી આ ભંડોળ પોણા લાખનું કરવામાં આવ્યું, બીજી બાજુ વિદ્યાર્થીઓની સંખ્યા પચાસની થતાં સંસ્થા માટે રૂ. ૪૫૦૦૦ ના ખરચે એક ભવ્ય મકાન તૈયાર કરાવવામાં આવ્યું. રાધનપુરના જૈન જગતની વિદ્યાર્થી જનતા માટે સવા લાખની



**વિદ્યાવ્યાસંગી દાનવીર શેઠ**
**શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલ રાધનપુર.**



**શેઠ શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલના અ. સૌ.**
**ધર્મપત્ની શ્રીમતી શકુંતલા બહેન.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઉદાર સખાવત અપૂર્વ આવકારદાયક નીવડી. સંસ્થા માટે પોતાના પિતાશ્રીના સ્મરણાર્થે તેઓનું નામ જોડી "શેઠ ઇશ્વરલાલ અમુલખરાય મોરખીયા જૈન બોર્ડીંગ"થી તેની જાહેરાત કરવામાં આવી, અને તેના ઉદ્દઘાટનનો મહોત્સવ તા. ૨૫ મી ડીસેમ્બર ૧૯૩૭ શનિવારે નક્કી થતાં આ પ્રસંગે જ્ઞાન-પ્રચારક આચાર્ય શ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજ, આચાર્ય શ્રી વિજયલલિતસૂરિજી તેમ જ આગેવાન શિક્ષણ-પ્રેમીઓને નોતરવામાં આવ્યા.

**અપૂર્વ ઉત્સાહ:—**

રાધનપુરનો આ જ્ઞાનોત્સવ એટલે અપૂર્વ ઉત્સાહનું પુર. આ પ્રસંગે આવનાર મહેમાનોનું સ્વાગત છેક તા. ૧૮-૧૨-૩૭ થી વીરમગામ સ્ટેશનથી જ કરવાની યોજના થઇ હતી. બાદ શેઠ તરફથી રોકાયેલ મોટરોદ્વારા રાધનપુર જવાનું હતું. માર્ગમાં સંખેશ્વર તીર્થના દર્શનનો લાભ મળે એ માટે ત્યાં ભોજન વગેરે વ્યવસ્થા રાખવામાં આવેલ. ઉત્સવ નિમિત્તે આવનાર કોઇ પણ વ્યક્તિ માટે આ વ્યવસ્થા ખુલ્લી હતી. આ કાર્યવાહીમાં ભાઇ જેસંગભાઈ જગજીવન તેમજ શા. પનાલાલ ઝુમખરામ ભાઇએ સારી જહેમત ઉઠાવી હતી.

આ ઉત્સવ એટલે સમસ્ત રાધનપુરનો ઉત્સવ. સારાયે શહેરને ધ્વજપતાકાથી શણગારવામાં આવ્યું. બોર્ડીંગના મકાન પાસે એ વિશાળ મંડપ રાજદરબારને ભુલાવે તેટલા ભભકાથી તૈયાર કરવામાં આવ્યો હતો. બોર્ડીંગના હોલનું દેવ-મંદિર પણ 'દેવ-મંદિર' નામને શોભાવે તેવું દેદીપ્યમાન બનાવ્યું હતું.

ઉત્સવના આગલે દિવસે આ. વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પધારતા તેઓશ્રીનું અપૂર્વ સ્વાગત કરવામાં આવ્યું. સુવર્ણના ત્રણ તોરણ એ આ સ્વાગતના ઉત્સાહ રંગના આકર્ષક શોભતા હતા.

સ્વાગતની સઘળી વ્યવસ્થા મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના ૭૫ તેમજ અંબાલા (પંજાબ) જૈન બોર્ડીંગના ૩૦ સ્વયંસેવકોને સોંપવામાં આવી હતી. તેમજ ઉમેદપુર જૈન બાલાશ્રમનો સ્ટાફ આ પ્રસંગે નોતરવામાં આવ્યો હતો. શ્રીમતી લેખવતી જૈની, પંડિત રાજેન્દ્રપ્રસાદ, શેઠ માણેકલાલ ચુનીલાલ, શેઠ સકરચંદ મોતીલાલ, શ્રી મોતીચંદ ગિરધર કાપડીયા, શેઠ જીવણચંદ ધરમચંદ, લાલા નાનકચંદજી, લાલા ચંદ્રગુપ્તજી, લાલા પ્રકાશચંદ્રજી, શ્રી મૂળચંદ આશારામ વૈરાટી, શ્રીયુત ગુલાબચંદજી ઢઢ્ઢા, શેઠ રતિલાલ વાડીલાલ આદિ બહારગામના મુખ્ય મહેમાનો હતા. દરેક મહેમાનોના ભોજન માટે ચાંદીના વાસણો ખાસ કરાવવામાં આવ્યા હતા.

**મેળાવડો:—**

તા. ૨૫-૧૨-૩૭ શનિવારે ઉદ્ઘાટનનો મેળાવડો મેળવવામાં આવતા શેઠના પુત્રી સુશીલા બ્હેને મધુર સ્વાગત ગીતથી કાર્યનો આરંભ કર્યો. સંસ્થાના બાળકોનું તથા પ્રાણસુખ ગવૈયાનું સંગીત રજૂ થયું. બાદ બોર્ડીંગના ગૃહપતિ શ્રી દલપતરાય વિ. મહેતાએ આમંત્રણ વાંચી પ્રાથમિક નિવેદન રજૂ કર્યું. શ્રી કકલભાઇ બી. વકીલે આવેલ સંદેશાએ વાંચી સંભળાવ્યા, જેમાં શેઠ ફીકાભાઈ પ્રેમચંદ રાયચંદ મુંબઇ, બોમ્બે સ્ટોક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકસચેન્જના પ્રમુખ શેઠ ચુનીલાલ પ્રેમચંદ, શેઠ જીવતલાલ પ્રતાપશી, શેઠ કરમચંદ ચુનીલાલ, શેઠ અમૃતલાલ કાળીદાસ, શેઠ કાળીદાસ જસરાજ, શેઠ મકનજી જુઠાભાઇ, શેઠ જગમોહનદાસ કાપડીયા, શેઠ મોહનલાલ ખોડીદાસ, શેઠ લલ્લુભાઇ દીપચંદ, શેઠ વીરચંદ પાનાચંદ, ઝવેરી મોહનલાલ હેમચંદ, શેઠ લલ્લુભાઇ કરમચંદ, ખીમોદર મહાજન, પી. જે. સરાફ, શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર, મી. તેલંગ, જૈન બાળાશ્રમ પાલીતાણા વગેરે મુખ્ય હતા.

બાદ શ્રીયુત કાંતિલાલ ઇશ્વરલાલ શાહે રાધનપુરના ના. નવાબ સાહેબને સંસ્થા ખુલ્લી મુકવાની વિનંતિ કરતા સંસ્થાનો પૂર્વ ઇતિહાસ અને આજની પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો હતો. પછી તેઓએ પોતાનું ભાષણ વાંચી સંભળાવ્યું હતું.

**ખુદાવિંદ નામદાર નવાબ સાહેબ બહાદુર, પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી, આચાર્ય મહારાજ શ્રી વિજયલલિતસૂરીશ્વરજી, નામદાર સૂબા સાહેબ, મહેરબાન દીવાન સાહેબ, અમલદારવર્ગ તથા સદ્ગૃહસ્થો,**

મ્હારા પૂજ્ય પિતાશ્રીના સ્મરણાર્થે ખોલવામાં આવેલ આ છાત્રાલયના નવા મકાનની ઉદ્દઘાટન ક્રિયા ખુદાવિંદ નેકનામદાર નવાબ સાહેબ બહાદુરના શુભ હસ્તે થવાની હોઇ હું આજનો દિવસ, મ્હારા જીવનમાં યાદગાર ગણીશ.

આ છાત્રાલય જૈન કોમના વિદ્યાર્થીઓ માટે જ હોવા છતાં, આપ નામદાર પોતાની પ્રજા, પછી તે ગમે તે કોમ હોય, પણ તે પ્રત્યે આપનું વાત્સલ્ય, પોતાના પુત્ર તરીકેનું ગણતા હોવાથી, બોર્ડીંગના મકાનને, આપના મુબારક હાથે ખોલવાની, મારી નમ્ર માગણીને, આપ ઉદારદિલના રાજવીએ, મંજૂર રાખી, તે બદલ હું આપ નામદારનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

હજી તો, આપ નામદારને ગાદીનશીન થયાને પૂરું વર્ષ પણ થયું નથી, ત્યાં તો આપના શુભ હસ્તે લોકોપયોગી કામોની શરૂઆત થઇ ચૂકી છે. ફક્ત બે મહિના પહેલાં, શેઠ વાડીલાલ પુનમચંદ હિન્દુ સેનેટેરીઅમના મકાનના પાયો નાખવાની ક્રિયા આપના હસ્તે થઇ હતી. ત્યાં આજે મારા મર્હુમ પિતાશ્રીના નામની બોર્ડીંગના નવા મકાનની ઉદ્દઘાટન ક્રિયા આપ નામદારના જ શુભ હસ્તે થાય છે.

થોડા થોડા સમયના અંતરે આવી લોકોપયોગી સંસ્થાઓ, આપ દયાળુ રાજવીના શુભ હસ્તે ઉઘડો, અને આપના લાંબા રાજ્ય વહીવટ દરમ્યાન, તેનો સંપૂર્ણ યશ, ઇશ્વર આપને અર્પો, તેવું આજના મંગલમય દિવસે, આપની સમગ્ર પ્રજાની વતી પરમાત્મા પાસે માગું છું.

પૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી તથા વિજયલલિતસૂરીશ્વરજી, ખંભાત જેટલા દૂર મુકામથી આટલી વયોવૃદ્ધ ઉમ્મરે અનેક મુશ્કેલીઓ વેઠીને, આવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકાદ નવી જૈન સંસ્થા, ખુલતી જોવાની આપની અભિલાષાની કિંમત આંકવાની શક્તિ મ્હારા જેવા પામર મનુષ્યમાં નથી.

કેળવણી પાછળ મસ્ત બનેલા આચાર્યશ્રી આપનું આયુષ્ય જૈન કોમના નશીબની ખાતર શાસનદેવ લંબાવે અને થોડાં ઘણાં વધુ છાત્રાલયો, વિદ્યાલયો અને જૈન કૉલેજ સ્થાપવાનું કાર્ય આપની હૈયાતીમાં થાઓ જેથી દુનિયાની બીજી પ્રજાઓ સાથે જૈન કોમ એકસરખી ઊભી શકે.

ગૃહસ્થો, આજના આ સમારંભમાં મારા નમ્ર આમંત્રણને માન આપી તમો સર્વમાંથી પંજાબ, મુંબઇ આદિ દૂર દેશથી પધારી આ સમારંભને મહાન બનાવ્યો છે તેથી હું તમો સર્વે સદ્‌ગૃહસ્થોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું અને તમારું આછુંપાતળું સ્વાગત કરવાનું મને જે ભાગ્ય પ્રાપ્ત થયું છે તે બદલ હું પરમાત્માનો આભાર માનું છું.

હવે હું આ બોર્ડીંગ અંગેનો સામાન્ય ઇતિહાસ ઘણો જ ટૂંકમાં આપને જણાવીશ. ઇશ્વરલાલ અમુલખદાસ જૈન બોર્ડીંગના નામથી ઓળખાતી આ સંસ્થા ત્રણ વર્ષ પહેલાં " રાધનપુર જૈન વિદ્યાભુવન "ના નામથી ઓળખાતી હતી. અત્રેના સખી ગૃહસ્થોના વાર્ષિક લવાજમની મદદથી લગભગ સાતેક વર્ષ આ સંસ્થા ચાલી. તેવામાં વિદ્યાભુવન માટે સ્થાયી મકાન બનાવવા ફંડ માટે શ્રીયુત્ હરગોવનદાસ હરજીવનદાસ તથા શ્રીયુત જેસીંગભાઇ ચુનીલાલ મારી પાસે આવ્યા. મકાન બનાવી લેવા કેટલીક શરતે રૂપીઆ વીસ હજાર આપવાની મેં કબુલાત કરી પણ થોડાક દિવસમાં મારા પુન્ય ઉદયથી મારી ભાવનામાં ફેરફાર થઈ ગયો અને આખી સંસ્થા હું જ ચલાવું તેવી ઇચ્છા થઇ. વિદ્યાલય પાસે તે વખતે છ એક હજારનું ભંડોળ હતું. તે રકમ બીજા કોઇ શુભ કામમાં વપરાય અને વિદ્યાલયમાં ઓછામાં ઓછા ત્રીસ વિદ્યાર્થીઓ રાખવા માટે કુલે રૂપીઆ ત્રીસ હજારની રકમ અનામત રાખી. મને જણાવતાં અતિ હર્ષ થાય છે કે બોર્ડીંગ મારી થયાને હજી ત્રણ વર્ષ થયા નથી ત્યાં હાલ પચાસ વિદ્યાર્થીઓ આ બોર્ડીંગનો લાભ લે છે અને છાત્રાલયનું જે નવું મકાન, ખુદાવિંદ નેકનામદાર નવાબ સાહેબ બહાદુર હમણાં ખુલ્લું મૂકશે, તે પાછળ કુલ ખર્ચ રૂ ૪૫૦૦૦) થયો છે અને તે સિવાય બોર્ડીંગના નિભાવ અર્થે રૂપીઆ પોણા લાખ જુદા કાઢવામાં આવ્યા છે એટલે કુલે રૂપીઆ એક લાખ વીસ હજાર આ સંસ્થા પાછળ અત્યારસુધીમાં થાય છે.

અમારા રાજ્યમાં રાજ્ય તરફથી તદ્દન મફત કેળવણી છોકરા અને છોકરીઓને અપાતી હોઇ તેનો લાભ આજુબાજુના ગામડાના વિદ્યાર્થીઓને સારો મલી શકે છે. રાજ્ય તરફથી તદ્દન મફત કેળવણીની સગવડ ખાતર ખુદાવિંદ નેકનામદાર નવાબ સાહેબ બહાદુરનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

જૈન સમાજની હાલની આર્થિક સ્થિતિ જોતાં આવાં છાત્રાલયો આપણે અનેક ઠેકાણે ઉઘાડે છુટકો છે. આ બોર્ડીંગમાં છેલ્લા બે વર્ષમાં વિદ્યાર્થીઓની સંખ્યા બમણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખવા છતાં કેટલીએ અરજીઓને જગ્યાના સંકોચને લીધે પાછી કાઢવી પડે છે. આપણા સમાજની સ્થિતિનો ખ્યાલ આ ઉપરથી સ્હેજે આવી શકશે. છાત્રાલયોમાં વિદ્યાર્થીનું જીવન ઘડવાનું હોય છે. આજનો વિદ્યાર્થી તે સમાજનો વારસદાર છે, આવતી કાલનો શહેરી છે અને રાષ્ટ્રની દોલત છે તેથી તે નમૂનેદાર શહેરી અને સમાજને જવાબદાર વ્યક્તિ બને તે બાબતનો ખાસ ખ્યાલ રાખવાનો હોય છે. છાત્રાલયમાં રહી વિદ્યાર્થીઓને વ્યવહારિક શિક્ષણ સાથે ધાર્મિક શિક્ષણ લેવાની ફરજ પડે છે. આપણા બાળકોમાં ધાર્મિક સંસ્કારો દૃઢ થઇ શકે, તો પછી મોટી ઉંમરે પહોંચતાં, તે સંસ્કારોનો લેપ, જરા પણ ભુંસાય નહિં. આજની કોલેજની કેળવણી લેતા મોટા વિદ્યાર્થીઓમાં, આવા સંસ્કારોની ખામીની જે બૂમ સંભળાય છે, તેનું કારણ નાનપણમાં ધાર્મિક અભ્યાસની ખામીનું છે.

ગૃહસ્થો, કેળવણી અને બેકારી એ બે પ્રશ્નો આજે દરેક કોમોની માફક જૈન કોમને પણ મૂંઝવી રહ્યા છે. આજના અતિ ઝડપથી આગળ વધતા, આ નવયુગમાં જો કોઈ બાળક, કેળવણી લીધા વિનાનો રહી જાય, અને બેકારીના પંજામાં રીબાતો જો કોઇ સ્વામી ભાઇ, દુઃખથી કંટાળીને, પોતાના જીવનનો અંત લાવે તો તે સર્વનું પાપ મારી સમજ પ્રમાણે કોમના શ્રીમંતોના શિર આવે છે. છતી શક્તિ ગોપવવા માટે આપણે પ્રતિક્રમણમાં માફી માગવી પડે છે. એકાદ વખત થયેલ ભૂલ માટે માફી હોઇ શકે. હર વખત થતી ભૂલને જતી કરે તેટલા ભોળા શાસનદેવ નથી. કેળવણી અને બેકારીના આ વિષયોમાં આપણો શ્રીમંત વર્ગ ધારે તો ઘણું કરી શકે પરંતુ સમાજના કમનશીબે, આપણા મતમતાંતરોને લીધે, શ્રાવક અને શ્રાવિકાની આંતરિક સ્થિતિ તદ્દન ભૂલી ગયા છીએ. દરેકને પોતપોતાનો પ્રમાણિક મત સ્વતંત્ર રીતે કરવાની છૂટ વિચારણા હોઇ શકે, પણ આખા સમાજની વિચારણાનો પ્રશ્ન, જ્યારે આવે, ત્યારે અંગત મતભેદોને ભૂલી જઇ, એકસંપીથી તેનો ઊકેલ કરવો જોઇએ. પારસી કોમ, ફક્ત એક લાખની વસ્તીવાળી હોવા છતાં, કોમ પ્રત્યે, તેમનો સેવાભાવ જુઓ. એક લાખની નાની વસ્તી-વાળી કોમે, કોમના ઉદ્ધાર માટે, મહાન સખાવતોથી, અને એકસંપીથી, વ્યાપાર રોજગાર અને હુન્નર ઉદ્યોગોમાં જે સ્થાન લીધું છે, તે વિચારવાનું છે. સાત ક્ષેત્રને પોષનાર, શ્રાવકના ઉદ્ધારનો વિષય, હવે તાકીદે હાથ લેવાની જરૂર છે. હજારો સુંદર દેવાલયો, દેવોને પણ દુર્લભ એવું તીર્થાધિરાજ શત્રુંજય અને બીજાં તીર્થક્ષેત્રો, વિગેરે જોવાં, તપાસવાં અને સાચવવાની જવાબદારી શ્રાવક ક્ષેત્ર ઉપર છે, માટે શ્રાવક સુખી અને શ્રદ્ધાળુ હશે તો જ તન, મન અને ધનથી, પોતાની ફરજ અદા કરી શકશે. વિચાર કરો, જૈન સમાજનું સ્થાન હાલ ક્યાં છે? પુષ્કળ દ્રવ્ય ખર્ચાવા છતાં આપણે પાછળ ને પાછળ કેમ રહીએ છીએ? આવા પ્રશ્નનો નિકાલ બહુ જ વિચારપૂર્વક અને વિવેકપૂર્વક તાકીદે લાવવાની જરૂર છે.

**નેકનામદાર**, આપનો કીંમતી સમય મેં જરા વધુ લીધો છે તે ખાતર હું આપ નામદારની ક્ષમા ચાહું છું.

ગૃહસ્થો, હું મારું વક્તવ્ય પૂર્ણ કરું તે પહેલા આ સંસ્થાના દરેક કાર્યમાં પોતાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કીંમતી સલાહનો અને શરીરનો ભોગ આપનાર શ્રીયુત જેસીંગભાઇ ચુનીલાલ અને શ્રીયુત હરગોવનદાસ હરજીનદાસનો અને ગાંધી લહેરચંદ પરશોતમદાસનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. આ ત્રણે વ્યક્તિઓની નિઃસ્વાર્થ સેવા ખાતર આ બોર્ડીંગ હમેશને માટે તેમની **ઋણી છે.**

**નેકનામદાર નવાબ સાહેબ બહાદૂરને** આ નવું મકાન ખુલ્લું મૂકવાની વિનંતિ કરું તે પહેલાં બે શબ્દો આ છાત્રાલયના વિદ્યાર્થીઓને કહું છું કે, આ અને આવાં દરેક છાત્રાલયો ખોલવાનો ખાસ હેતુ તમારું ચારિત્ર ઘડાય અને તમો નમૂનેદાર શહેરી બનો તે હોય છે. તમારામાંથી કોઇ વિદ્યાર્થી મોટા થયા પછી આવી એકાદ બોર્ડીંગ સ્થાપવા શક્તિશાળી થશે તો મારો આ પ્રયત્ન હું સફળ થયો માનીશ.

ઉદારદિલના માયાળુ રાજવી, હવે હું આપ નામદારને ઘણી જ નમ્રતાપૂર્વક વિનંતિ કરું છું કે આ મકાન ખુલ્લું મુકવાની ક્રિયા આપને શુભ હસ્તે થાય, અને આપ નામદારનો શુભ આશીર્વાદ આ સંસ્થા અને આ સંસ્થાના બાળકો ઉપર ઉતરે. પરમ કૃપાળુ પરમાત્મા આપ નામદારને, સંપૂર્ણ તંદુરસ્તીભરેલું લાંબુ આયુષ્ય બક્ષો, અને આપના લાંબા રાજ્ય વહીવટ દરમ્યાન, આવી સેંકડો લોકોપયોગી સંસ્થાઓ, આપના શુભ હસ્તે ખોલાઓ, તેવું શાસનદેવ પાસે માગી બેસી જવાની આપ નામદારની રજા લઉં છું.

બાદ નવાબ સાહેબના હસ્તે બોર્ડીંગ ખુલ્લી મુકવામાં આવી હતી.



શેઠ શ્રી ઇશ્વરલાલ અમુલખરાય
મોરખીયા જૈન બોર્ડીંગનું
આલીશાન મકાન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાદ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે જણાવ્યું કે અત્રે મેટ્રિક સુધી રાજ્ય તરફથી ફ્રી શિક્ષણ છે, પરંતુ એક કૉલેજ કરવાની અગત્ય છે. બાદ તેઓશ્રીએ રાજા અને પ્રજાનો ધર્મ સમજાવ્યો હતો. ત્યારબાદ શેઠ ગુલાબચંદજી ઢઢ્ઢા. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીયા. શ્રીમતી લેખવતી જૈની, સર ન્યાયાધીશ જેસંગભાઇ ચુનીલાલ આદિએ સખાવતને અનુમોદતા વ્યકતવ્યો રજૂ કરી શિક્ષણની અગત્ય સમજાવી હતી.

છેવટ આટલી ઉમદા સખાવત માટે ના. નવાબ સાહેબે ધન્યવાદ આપી પોતાનું સમયોચિત વક્તવ્ય રજૂ કર્યું હતું અને પરસ્પર આભાર માની, હારતોરા એનાયત કરવામાં આવ્યા હતા.



**અજ્ઞાનતિમિરતરણી.**
**આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ.**

**દાનવીરને માનપત્ર:—**

તા. ૨૫-૧૨-૩૭ના સાંજના ત્રણ વાગે રાધનપુર સ્ટેટના દિવાન સાહેબના પ્રમુખપણા નીચે શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલને માનપત્ર આપવાનો મેળાવડો કરવામાં આવ્યો હતો.

આરંભમાં કવિ ભોગીલાલ, પ્રાણસુખ નાયક, વગેરેના સંગીત થયા બાદ શેઠ લખમીચંદ પ્રેમચંદની દરખાસ્ત અને શેઠ ગીરધરલાલ ત્રીકમના ટેકાથી પ્રમુખની ચુંટણી કરવામાં આવી હતી. બાદ શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલને એનાયત કરવામાં આવનાર માનપત્ર નીચે મુજબ વાંચી સંભળાવ્યું હતું.

**સ્વધર્મનિષ્ઠ બંધુ**

## શ્રીમાન્ કાન્તિલાલ ઇશ્વરલાલ મોરખીઆ,

રાધનપુર અને તેની આસપાસના પ્રદેશોમાં વસતા વિદ્યાર્થીઓને જ્ઞાનનાં સાધનો પૂરાં પાડવાના આશયથી સવા લાખ રૂપીઆ જેટલી ગંજાવર રકમ કાઢીને આપના સ્વર્ગસ્થ પિતાશ્રીના શુભ સ્મરણ નિમિત્તે '**શ્રી મોરખીઆ ઇશ્વરલાલ જૈન બોર્ડીંગ**'ની આપે સ્થાપના કરી છે, જેના ઉદ્દઘાટન પ્રસંગે અત્રે એકત્ર થયેલા અમો રાધનપુર-નિવાસી જૈન બંધુઓ આપનું અન્ત:કરણપૂર્વક અભિનંદન કરીએ છીએ.

સાધારણ સ્થિતિમાંથી આપબળે આગળ વધી અનેક જનસેવાની ઉપયોગી પ્રવૃતિઓમાં ઉદાર ફાળો આપી જે યશ અને કીર્તિ આપે આટલી નાની ઉમરમાં સંપાદન કર્યા છે, તે માટે અમો રાધનપુરી બંધુઓ આપના વિષે અત્યન્ત માન અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેમની લાગણી અનુભવીએ છીએ. કેળવણીના ક્ષેત્રમાં આપનો ઉદાર હાથ માત્ર રાધનપુરની જૈન પ્રજા પૂરતો સંકોચી નહિ રાખતાં અખિલ હિંદના જૈનોને લાભ મળે તે માટે રૂપીઆ પચ્ચીસ હજારની નાદર રકમ જૈન સમાજનું નેતૃત્વ ધરાવતી શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સ હસ્તક સોંપી જૈનોની પ્રાથમિક કેળવણીને આપે વેગ આપ્યો છે. તદુપરાન્ત **શ્રી મહાવીર જૈન વિદ્યાલયને** રૂપીઆ દશ હજારની રકમ આપીને તથા તાજેતરમાં યોજાયલી **શ્રી અંબાલા આત્મારામ જૈન કોલેજને** રૂપીઆ અગીઆર હજારની સુન્દર રકમ ભેટ ધરી ઉચ્ચ કેળવણી પ્રત્યેની આપની તીવ્ર લાગણી અને સહાનુભૂતિ આપે પૂરવાર કરી છે, જે માટે આખો જૈન સમાજ આપનો ભારે ઋણી છે. અનેક જૈનેતર સંસ્થાઓ તેમજ મહારાષ્ટ્રીય પ્રવૃત્તિઓ પણ આપની ઉદાર આર્થિક સહાય દ્વારા વિવિધ પ્રકારે પોષણ પામી રહી છે. આ રીતે આપની ઉદાર ભાવના જૈન બંધુઓથી માંડીને અખિલ હિંદની સમગ્ર જનતાના કલ્યાણકાર્ય સુધી પહોંચવાનો મનોરથ ધરાવે છે એ ખરેખર અભિનંદન યોગ્ય અને અનુકરણીય છે.

જૈન ધર્મ પ્રત્યેની આપની શ્રદ્ધા જાણીતી છે. આપનો સર્વ જીવનવ્યવહાર જૈન ધર્મના મૂળ સિદ્ધાન્તો અનુસાર ઘડવાનો આપ સતત પ્રયત્ન સેવો છો અને મુંબઇનું જીવન અસાધારણ વ્યવસાય તેમજ ઉપાધિઓથી ભરેલું હોવા છતાં આપ સામાયિક, પૂજા વિગેરે ધર્મનિયમોનું નિયમિત અનુપાલન કરીને આત્મજીવનને ઉજ્જવળ બનાવી રહ્યા છો. ધર્મક્રિયાનાં સાધનો પૂરા પાડવાની દિશાએ પણ આપનાથી બનતું કરવા આપ ચૂકયા નથી. **રાધનપુર જૈન શાળાને** રૂપીઆ વીશ હજારની ઉમદા ભેટ ધરી ધાર્મિક ક્રિયા કરનારાઓને આપે જે ઉત્તેજન આપ્યું છે તે રાધનપુરની જૈન પ્રજા કદી વિસરી શકે તેમ છે જ નહિ. જીવદયાના વિવિધ ક્ષેત્રોમાં પણ આપનો ઉદાર હાથ હરહંમેશને માટે લંબાતો રહ્યો છે. અપંગ ઢોર પ્રત્યેની દયાથી પ્રેરાઇને તેઓને દુષ્કાળમાં પડતી ઘાસચારાની મુશ્કેલી દૂર કરવા માટે રાધનપુરમાં બીડ ખરીદ કરવા માટે આપે રૂપીઆ દશ હજારની ઉદાર રકમ અર્પણ કરી છે.

આપના નિવાસસ્થાન વીલે પારલેની પ્રજાને પણ આપ વિસરી ગયા નથી. ત્યાં વસતી પ્રજાનાં સુખ, શાન્તિ અને આરોગ્યને પોષક '**ઇશ્વરલાલ પાર્ક**'ને નામે ઓળખાતું સુન્દર ઉદ્યાન વીલે પારલેની જનતાને બક્ષીશ કરીને આપે ત્યાંની પ્રજાને આભારમુગ્ધ બનાવી છે.

આપનો અંગત પરિચય એટલો જ મધુર અને પ્રીતિજનક છે. આપની પાસે કોઇ પણ સારા કાર્ય માટે મદદ માંગવા આવનાર કદી પણ નિરાશ થઇને પાછો ફર્યો નથી. ધર્મ, સમાજ તથા દેશહિતનાં કાર્યોમાં આપની ઉદારતા જગજાહેર છે. મુંબઈની અનેક જાહેર સંસ્થાઓમાં આપ સેવાભાવથી રસપૂર્વક ભાગ લઇ રહ્યા છો. જૈનોના જાહેર જીવનમાં આપનો હીસ્સો દિનપ્રતિદિન વધતો જાય છે. એક ગૃહસ્થ તરીકે આપનું જીવન સૌજન્ય અને નમ્રતાથી ભરેલું છે; એક મિત્ર તરીકે આપનો નિખાલસ સરળ સ્નેહભાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુવિદિત છે; એક વ્યાપારી તરીકે મુંબઇની શેરબજારના દલાલમંડળમાં આપનું મુબારક નામ પ્રથમ પંક્તિએ શોભે છે, જે માટે અમો રાધનપુરની જૈન પ્રજા ખરેખર ખૂબ મગરૂર છીએ.

અન્તમાં આપ સુસમૃદ્ધ અને દીર્ઘાયુ બનો અને દેશ, સમાજ તેમજ ધર્મને આપના તન, મન અને ધનનો નિરન્તર અનેકવિધ લાભ આપતા રહો એ જ અમારા અન્તરની અભિલાષા, આશિષ અને પ્રાર્થના !!!

**રાધનપુર** તા. ૨૫-૧૨-૧૯૩૭ **રાધનપુરની જૈન પ્રજા તરફથી**

ત્યારબાદ શ્રી રાજેન્દ્રસોમનારાયણ, શ્રી ધીરજલાલ ટોકરશી શાહ, શ્રી મૂળચંદ આશારામ વૈરાટી, મી મુન્શીજી, પંડિત ભગવાનદાસ હરખચંદ આદિ વક્તાઓએ શેઠ કાન્તિલાલની નાની વય હોવા છતાં એક શ્રીમંતને છાજે તેવી સુંદર ઉદારદષ્ટિ અને સમાજસેવાની ભાવના માટેની તેઓની ઉમદા ભાવના માટે પ્રશંસા કરી આજની સામાજિક પરિસ્થિતિ અને જૈનોની ફરજ ઉપર વિવિધ દષ્ટિબિન્દુએ વિવેચનો કર્યા હતા. તેમ જ શ્રી રાજેન્દ્રસોમનારાયણે, બનાસ નદીના પુલના તેમ જ રેલ્વેના અભાવે રાધનપુરમાં મુસ્કેલીનો અંત આણવા ના. દિવાન સાહેબને વિનંતિ કરી હતી.

ત્યારબાદ દીવાન સાહેબે ઉપસંહાર કરતાં જણાવ્યું કે કાંતિલાલ શેઠે ઉદારદિલથી રૂા. બે લાખ જેવી મોટી રકમ ખર્ચી છે. આજે યોગ્ય પાત્રને યોગ્ય માન આપવામાં પ્રમુખસ્થાને મને બેસવાનું મળે તેથી વધુ ખુશ થવા જેવું બીજું શું હોય ?

શેઠની ઉદારતા અને લોકપ્રિયતા જોઇ મને આનંદ થાય છે અને આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ અને વિજયલલિતસૂરિ પગે ચાલી આ પ્રસંગે અત્રે પધાર્યા તે માટે વિશેષ આનંદ થાય છે. શેઠશ્રીનો વેપાર અને વ્યવહાર ખૂબ પ્રિય ને મધુર હોવાનું જણાઇ આવે છે. આ જિંદગી સેવા ને સ્વાર્પણ માટે છે તેની તક ગરીબ ને તવંગરોએ લેવાય તેટલી લેવા ન ચૂકવું જોઇએ.

શેઠશ્રી મુંબઇમાં રૂપીઆ કમાયા છે અને તે અહીં ખર્ચે છે તે રાધનપુરની પ્રજા ને રાજ્ય માટે આનંદનો વિષય છે. તેમનો જન્મભૂમિ માટે આટલો પ્રેમ પ્રશંસનીય છે. શેઠ રાજેન્દ્રપ્રસાદના પ્રશ્નના જવાબનો ખુલાસો કરું છું કે રાધનપુર સુધી રેલ્વે લાવવા માટે ગાયકવાડ સરકાર સાથે નક્કી થઇ ગયું છે જે બે વર્ષમાં પાટણથી અહીં સુધી રેલ્વે થઇ જશે. બનાસ નદીના પુલનો પ્રશ્ન મૂંઝવે છે કારણ નદી ચાર પાંચ વર્ષે પોતાનું સ્થાન ફેરવે છે, પરંતુ તેનો નિકાલ પણ આવી જશે.

શ્રી કાન્તિલાલ શેઠે માનપત્રનો નીચે મુજબ જવાબ આપ્યો હતો.

મહેરબાન પ્રમુખ સાહેબ તથા ઓરીસર વર્ગ તથા સદ્ગૃહસ્થો !

મ્હારા પુન્ય ઉદયથી થયેલ જે કંઇ શુભ કાર્ય મ્હારાથી થયું હશે તે પ્રત્યે સંતોષની નિશાની તરીકે જે માનપત્ર મને આપ્યું છે, તે મ્હને નહીં, પણ શુભ કાર્યને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, એટલે આ માનપત્રનો હિસ્સો કોમની યત્કિંચિત્ સેવા જે કોઇ કરે છે તે સર્વને પહોંચે છે. હું તો ફક્ત શુભ કાર્યના પ્રતિનિધિઓમાંનો એક નાનકડો પ્રતિનિધિ છું.

આપણા સમાજની સ્થિતિ જોતાં આપણે શું કાર્ય કર્યું છે, તે જોવા કરતાં શું કરવાનું છે તેનો જ વિચાર બહુ કરવાનો રહે છે. જૈન સમાજ હાલ ક્યાં ઊભો છે તેનો જો વિચાર કરીએ તો આખા સમુદ્રમાં એક બિંદુ જેટલું પણ કાર્ય આપણા કોઇથી બની શક્યું નથી. આજે સવારે મેં કહ્યું હતું કે પારસી કોમનો દાખલો લ્યો. મહુંમ વાડીઆ અને તાતાની સખાવત જુઓ. એક લાખની વસ્તીવાળી પારસી કોમ સમગ્ર ભારતવર્ષમાં પ્રખ્યાત છે. આપણે તેઓથી દશગણા છીએ, છતાં ગુજરાત, કાઠિયાવાડ સિવાય કોઇ આપણને ઓળખતું નથી.

સમભાવ અને અનુકંપા જેના વડે આપણે ઓળખાઇએ છીએ તે આજે આપણા કરતાં પારસી કોમમાં વધુ જોઇએ છીએ. આપણે તો આપણા મત મતાંતરોમાંથી જ ઊંચા આવતા નથી. જો આપણે આ પ્રમાણે સમાજ પ્રત્યે બેદરકાર જ રહીશું તો થોડાં જ વર્ષમાં જૈન સમાજ બહુ ભયંકર સ્થિતિમાં આવી પડશે.

બંધુઓ જે માનપત્ર તમોએ આપ્યું છે તેનો હિસ્સો સમાજની જે કોઇ સેવા કરે તેને પહોંચજો. આ માનપત્ર લઇ હું તમોને અને આખા સમાજને વધુ જવાબદાર બન્યો છું અને હવે પછીની મારી જિંદગીમાં મને ખરી દોરવણી કરવા સમાન આ માનપત્ર માર્ગદર્શક થાઓ તેવું ઇશ્વર પાસે માગું છું.

એક વસ્તુની સૂચના કે જે મ્હારા હક્કની બહાર છે તે કરવી ઠીક લાગે છે. તે એ છે કે આ માનપત્રનો પ્રોગ્રામ અત્યારે બંધ થયા પછી જો ફરી ઉજાણી થવાની બાકી હોય તો ફરી આ કારણસર ભેગા થવાનું જોતાં મને ખરેખર શરમ આવે છે. જો ઉજાણી થવાની વાત સાચી જ હોય તો હું ઘણા જ પ્રમાણિકપણે માનું છું કે મારી લાયકાત માટે જે થવું જોઇએ તેનાથી ઘણું જ વિશેષ થાય છે, માટે એ પૈસા જેટલા ફાજલ રહે તેમાં એટલા જ મ્હારા તરફથી ઉમેરી રાંધનપુરના અંગ્રેજી ધોરણનો કોઇ પણ વિદ્યાર્થી વાર્ષિક પરીક્ષામાં પહેલા નંબરે પાસ થાય તેને પારિતોષિક આપવામાં ખર્ચવા

છેવટમાં તમારા સર્વના મ્હારા કાર્ય પ્રત્યેનાં સંતોષ અને મ્હારા પ્રત્યેના પ્રેમ ખાતર હું સર્વ બંધુઓનો આભાર માનું છું.

ત્યારબાદ પ્રમુખશ્રીનો આભાર માની મેળાવડો વિસર્જન થયો હતો.

## આ પ્રસંગે અપાયેલ અન્ય સખાવત.

૨૦૦૦) શ્રી આત્માનંદ જૈન હાઇસ્કુલ અંબાલા ( પંજાબ )
૧૦૦૦) ઊમેદપુર જૈન બાળાશ્રમ ઊમેદપુર ( મારવાડ ) પેટ્રન.
૫૦૧) શ્રી વરકાણા પાર્શ્વનાથ બોર્ડીંગ
૫૦૧) પાટણના સામળા જૈન મંદિરના જીર્ણોદ્ધારમાં.
૫૦૧) શ્રી આત્માનંદ જૈન સભા. ( પેટ્રન થવા માટે )
૨૫૧) વટવા જૈન આશ્રમ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## શ્રી વિજયાનંદસૂરીશ્વરજીની જયંતિ નિમિત્તે શેઠ શ્રી સકરચંદ મોતીલાલ મૂળજીભાઈની ઉમદા સખાવત.



સ્વર્ગવાસી દાનવીર દેવગુરુધર્મના પરમઉપાસક
શેઠ શ્રી **મોતીલાલ મૂળજીભાઈ.**

દાનવીર શ્રાવકકુળભૂષણ, દેવ-ગુરુધર્મના પરમ ઉપાસક શેઠ શ્રી **મોતીલાલભાઈ** મૂળજીભાઈ જેઓ રાધનપુરનિવાસી અને મુંબઈ શહેરના અગ્રગણ્ય મુખ્ય જૈન નરરત્ન હતા. શ્રી સિદ્ધાચળજી તથા શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથ તીર્થ પર અનન્ય ભક્તિ હોવાથી શ્રી શંખેશ્વરજી તીર્થે ધર્મશાળા તેમજ શ્રી શત્રુંજયતીર્થે ભક્તિ નિમિત્તે અનેક વખત ઉદારતા બતાવેલ તેમજ રાંધનપુર શહેરમાં જૈન જૈનેતર પ્રજાની સુખ-શાંતિ માટેના અનેક સાધનો બનાવી આપી આત્મકલ્યાણ કર્યું હતું. સ્વર્ગવાસી શ્રી આત્મારામજી મહારાજ પ્રત્યે અનન્ય ગુરુભક્તિ હોવાથી તે નિમિત્તે પણ લક્ષ્મીનો લ્હાવો લેતા હતા. નાની ઉંમરમાંથી બ્રહ્મચર્યવ્રત ગ્રહણ કર્યું હતું. સ્વર્ગવાસી શ્રી આત્મારામજી મહારાજના પટ્ટધરશ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ** ઉપર પણ તેમની તેવી જ ભક્તિ હોવાથી સં. ૧૯૮૧માં લાહોરમાં આચાર્યપદવીપ્રદાન થતાં શેઠસાહેબે ત્યાં પધારી સારી રીતે તે પદવીપ્રદાન વખતે લક્ષ્મીનો સદ્વ્યય કરી ગુરુભક્તિ પ્રદર્શિત કરી હતી. આચાર્ય મહારાજના સં. ૧૯૪૩માં રાંધનપુર દીક્ષા પ્રસંગે પણ સારો દ્રવ્યવ્યય કર્યો હતો. આ સભા ઉપર પણ અતિ પ્રેમ હતો. આવા શ્રાવકરત્નના હાલ જો કે ખોટ પડી છે પરંતુ તેમના સુપુત્ર દાનવીર શ્રાવકકુળભૂષણ **શ્રીયુત સકરચંદભાઈએ** પણ પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પૂજ્ય પિતાનો એકલો લક્ષ્મીનો વારસો લીધો નથી, પરંતુ દેવ, ગુરુ અને ધર્મ ઉપરની અનન્ય ભક્તિરૂપી વારસો પણ સાથે લીધો છે. તેઓ પણ તે માટે અનેક સખાવતો કરે છે, જે જગજાહેર હકીકત છે; પરંતુ હાલમાં તા. ૨૫-૧૨-૧૯૩૭ના રોજ શ્રી રાધનપુરમાં ઉદાર નરરત્ન સમયજ્ઞ સખાવતી શેઠ કાન્તિલાલભાઈ ઇશ્વરલાલે **શ્રી ઇશ્વરલાલ અમુલખરાય જૈન બોર્ડીંગની** ઉદ્‌ઘાટન ક્રિયા કરવાના પ્રસંગે શ્રીમદ્ આચાર્ય **શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજને પંજાબ જતાં પહેલા ઉપરના ઉત્તમ પ્રસંગમાં રાધનપુર પધારવા વિનંતિ કરતાં ત્યાં તે પ્રસંગે પધાર્યા હતા. દરમ્યાન ગયા માગશર વદિ ૧૨ ના રોજ આચાર્યમહારાજને દાનવીર **શેઠ સકરચંદભાઈ** મોતીલાલભાઇએ પોતાના ઘેર પધારવા અને કુટુંબને ઉપદેશામૃતનું પાન કરાવવા વિનંતિ કરી જેથી આચાર્યમહારાજ ત્યાં પધાર્યા. ઉપદેશામૃત આપ્યા પછી સાથે પધારેલા ગૃહસ્થોને રૂપીયાની પ્રભાવના કર્યા બાદ પ્રાતઃસ્મરણીય **શ્રીઆત્મારામજી** મહારાજની **જયંતી** દર વર્ષે જેઠ શુદ ૮ ના રોજ આ સભા તરફથી શ્રીસિદ્ધાચળજી ઉપર મોટી ટુંકમાં પ્રતિષ્ઠિત થયેલ શ્રીઆત્મારામજી મહારાજની મૂર્તિ (દેરી) છે ત્યાં શ્રી આદિનાથ પ્રભુ, **પુંડરીકજી** મહારાજ. **રાયણપગલા, ગુરુમહારાજની** અંગરચના, પૂજા ભણાવવા વગેરેથી દેવગુરુભક્તિ સાથે લઘુ સ્વામીવાત્સલ્ય થાય છે જેમાં સાધુ સાધ્વી મહારાજનો પણ લાભ મળે છે વગેરેથી ઉજવાય છે, તે લાભ કાયમ લઇ દેવગુરુધર્મ વગેરેની ભક્તિ કરવા પોતાની ભાવના થતાં આચાર્ય મહારાજના સત્કારના માનમાં રૂા. ત્રણ હજારની રકમ કે જેના વ્યાજમાંથી દર વર્ષે જેઠ શુદ ૮ ના રોજ દેવગુરુભક્તિનો લહાવો લેવા માટે આ સભાને આપવા ખુશાલી દર્શાવી, પોતાના પૂજ્ય પિતાના અનન્ય ગુરુભક્તિનો અવિચળ દાખલો જૈનસમાજને દેખાડી આપ્યો છે અને આચાર્ય મહારાજને સત્કારીને પણ ગુરુભક્તિ બતાવી આપી છે. ધન્ય છે સકરચંદભાઇ જેવા સુપુત્રોને કે જેઓ સ્વર્ગવાસી પૂજ્ય પિતાને પગલે ચાલી સુકૃતની શુભ લક્ષ્મીનો લાભ લે છે. તેઓ તેવા ભક્તિના કાર્યો કરવા દીર્ઘાયુ થાઓ.



દાનવીર દેવગુરુધર્મભક્તિકારક,
શેઠ શ્રી સકરચંદભાઇ મોતીલાલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી શત્રુંજય ઉપરની શ્રી આત્મારામજી મહારાજની દેરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શહેર પાટણમાં શ્રી સંઘે શ્રી જ્ઞાનમંદિર કરવાનો કરેલો નિર્ણય.

## સુંદર મકાન કરવા માટે મળેલી રૂા. ૫૧૦૦૦) ની રકમ.

માગશર શુદ ૫ ગુરુવારના રોજ શ્રી કોટાવાળાની ધર્મશાળામાં શ્રી સંઘ આ શહેરમાં અપૂર્વ જ્ઞાનમંદિર બનાવવા ( જેની ઘણા વર્ષોથી વિચારણા થઇ રહી હતી ને નક્કી કરવા ) મળ્યો હતો. શેઠ હેમચંદભાઈ મોહનલાલ મોતીચંદ ઝવેરીએ અગાઉ પોતાના પૂજ્ય પિતાશ્રીનું સ્મરણ જાળવી રાખવા રૂ. એકાવન હજારથી મકાન બંધાવી આપવા વિનંતિ કરી હતી જેનો સ્વીકાર સંઘે કર્યો હતો અને બંધારણ પણ ઘડી તૈયાર કરી આદેશ આપ્યો હતો. તે માગશર શુદ ૬ ના રોજ સવારના વ્યાખ્યાન ટાઇમે ચતુર્વિધ સંઘ સમક્ષ જાહેર કરવામાં આવતાં આનંદપૂર્વક વધાવી લેવામાં આવી. ઘણા વખતથી ત્યાંના જુદા જુદા સ્થળે રહેલ જૈનતાડપત્ર અને હસ્તલિખિત પત્રોનો મોટો સુંદર અને પ્રાચીન ભંડાર જે હતો તેનું રક્ષણ હવે પછી સારી રીતે થાય તે માટે શ્રી પાટણ સંઘ ઉપર જેમનો અપૂર્વ ઉપકાર છે તે શ્રી પ્રવર્તકજી મહારાજ શ્રી **કાન્તિવિજયજી** મહારાજની પ્રબળ જિજ્ઞાસા હતી, પરંતુ ભવિતવ્યતા પાકી નહોતી, સંઘની ઇચ્છા અને ઉત્સાહ હતો પરંતુ આચાર્ય **શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજનું પધારવું, ઉપદેશ આપવો વગેરે કારણોથી તે કાર્ય પાર પડયું છે. તેનું નામ **શ્રી આત્મકાન્તિ શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર-પાટણ** એ રાખવામાં આવ્યું છે. જુદા જુદા વાડાઓ ઉપાશ્રયોમાં રહેલા ભંડાર અહિં જુદા જુદા રૂમમાં સંરક્ષણ અને સદુપયોગપૂર્વક રહેશે તેવું તેનું બંધારણ ઘડવામાં આવ્યું છે. મકાન ઉપર **શેઠ મોહનલાલ મોતીચંદ ઝવેરીનું** નામ તેમજ તેમનું આરસનું બાવલું શ્રી સંઘે મૂકવા ઠરાવ્યું છે. બંધારણમાં જૈનધર્મના આગમો અને પ્રાચીન સાહિત્યો અને ગ્રંથો જે બહાર પડે છે તેનો પણ સંગ્રહ કરવા માટે શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના **સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે વિનંતિપૂર્વક** જણાવતાં તે બંધારણમાં તે કલમ દાખલ કરવા સાથે શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરે પ્રગટ કરેલ પ્રાચીન મૂળ ગ્રંથો આગમો વગેરેનો પ્રથમ સ્વીકાર કરવા, પ્રથમ નામ લખવા શ્રી સંઘે સ્વીકાર્યું હતું. શેઠ હેમચંદભાઇ મકાનનું શિલ્પકામ સારી રીતે સમજતા હોવાથી શ્રી પંચાસરા પાર્શ્વનાથ દેવાલયના કંપાઉન્ડમાં તે મકાન બંધાવી આપવાનું કામ શ્રી સંઘે હેમચંદભાઇને સુપ્રત કર્યું હતું. રકમ વધશે તો તે શ્રી સંઘને જ્ઞાનમંદિરના નિભાવ માટે આપી દેવા શેઠ હેમચંદભાઇએ જણાવ્યું હતું. શ્રી સંઘ તરફથી હર્ષનાદ સાથે શ્રી હેમચંદભાઇને આદેશ આપી તિલક કરવામાં આવ્યું હતું. શ્રી સંઘમાં જય જયકાર વ્યાપી રહ્યો હતો. સુકૃતની લક્ષ્મી આવી ઉદાર રીતે વાપરનાર શેઠ હેમચંદભાઇને ધન્યવાદ ઘટે છે. પ્રવર્તકજી મહારાજની ઘણા વખતની પૂર્ણ અભિલાષા શ્રી આચાર્ય મહારાજના પધારવાથી તેમના ઉપદેશવડે સફળ થતાં શ્રી પ્રવર્તકજી મહારાજના ત્યાંના સંઘ ઉપરના ઉપકારમાં વૃદ્ધિ થઈ છે. શ્રી સંઘના પુણ્ય ઉદયમાં પણ આથી વૃદ્ધિ થઈ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ॐ अर्हं नमः ॥

## पूज्यपाद परमोपकारी श्रीआचार्यभगवान् श्री १००८ श्रीमद् विजयवल्लभसूरीश्वरजी महाराज साहेब का पंजाब तर्फ प्रयाण.

( लेखक—प्रेमचंद जैन )

युं तो गत वर्ष बडौदे से चौमासा उठते ही आपश्रीजी ने पंजाब तर्फ विहार कर दिया था किन्तु खंभात की फरसना प्रबल होने से अनिच्छाधीन भी वहां जाना पड़ा। किसी प्रबल कारण को लेकर आपश्रीजी का वहां रहना हुआ तथा चतुर्मास भी वहां ही हुआ। फल यह आया कि मांडवी की पोल में जो श्री आदीश्वर भगवान का और श्री नेमिनाथस्वामी का चैत्य बिलकुल गिरने पड़ने की हालत में आ गया था श्रीयुत् शेठ भाईचंद कशलचंदवाले कांतिलालभाई तथा वालचंदभाई को उपदेशामृत छांटकर आपश्रीजी ने उसको बिलकुल नवीन बनवाया। मेरु की चूला जैसा उन्नत और विशाल वह चैत्य कुछ सज्जनों की रात-दिन की महेनत से थोड़े ही अरसे में तैयार हो गया और श्रावण मास में पूज्यपाद-श्रीजी के वर्द हाथों से उस नवीन चैत्य का महामंगलकारी प्रतिष्ठा—महोत्सव भी हो गया।

दूसरा अपूर्व लाभ यह हुआ कि श्रीशांतिनाथस्वामी के मंदिर में एक ताड-पत्रों का अति प्राचीन ज्ञानभंडार था जो बहुत समय से किसी एक ही व्यक्ति के अधिकार में होने से किसी को उसके देखने का भी सौभाग्य प्राप्त नहीं होता था उसका आपश्रीजी के अमोघ उपदेश से बहुत ही प्रशस्त प्रबंध हो गया। कार्यवाहकों की प्रमाणिक कमेटी नियुक्त की गई, मकान का रिपेरींग काम कराया गया, नये कबाट बनवाये गये, ज्यादा तारीफ के लायक तो यह योजना कही जा सकती हैं कि किसी समय जो पुस्तक दस २ बीस २ की संख्या में एक २ गठडी में बांधे हुए थे वह कुछ समय पाकर किसी महोदय ज्ञानोपासक की मेहनत से डब्बो में रक्खे गये थे, मगर फिर भी एक २ डब्बे में पांच २ सात २ प्रतियां डाली हुई थी। इस वक्त जो प्रबंध हुआ हैं वह बहुत ही उत्तम हुआ है क्यों कि

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



एक २ डब्बे में एक २ प्रति रक्खी गई हैं। सर्वसाधारण तौर पर मनुष्य मात्र कह सकता है कि सैकडों वर्षों की पुस्तकों की जिन्दगी बढ़ गई है।

इत्यादि और भी अनेक उपकार हुए जिन का वर्णन कहां तक किया जा सकता हैं? श्री आचार्यमहाराज श्री विजयललितसूरिजी महाराज का मोतीया भी आपश्रीजी की छत्रछाया में यहां ही निकला हैं और श्रीआत्मानंद जैन कोलेज का पाया भी यहां ही पड़ा है।

इसी चौमासे में शेठ कांतिलाल ईश्वरलाल जो की आपश्रीजी के परम भक्त हैं राधनपुर पधारने की विनति करने को आये। उन्होंने अर्ज की कि हमने जैन बोर्डिंग को स्थापना की है और क्रिस्तमस के दिनों में उसकी उद्घाटन क्रिया आपश्रीजी को मौजूदगी में ही हो ऐसी हमारी प्रार्थना है। श्रीजी साहेबने दान-वीर शेठ साहेब की प्रार्थना को सहर्ष कबूल किया और फर्माया कि राधनपुर हमारे धार्मिक जीवन का जन्मस्थान है, आप जैसे भाग्यवान् लाखों रुपये खर्च कर धार्मिक कार्य करें तो हमें भी अपना योग उस में लगाना ही चाहिये। गत वर्ष शान्ताक्रुझ में जब आप के सकल श्रीसंघने मिल कर विनति की थी तब हमारी फरसना नहीं हो सकी, किन्तु अब देवगुरु ने कृपा की तो हम जरूर आने का प्रयत्न करेंगे, आप खुशी से अपनी तैयारी करें।

इस बात को सुनकर दानवीर ने और उनकी धर्मपत्नीने बहुत ही हर्ष मनाया तथा रु. ११००० अग्यारह हजार रुपये पंजाब में होनेवाली जैन कोलेज फंड में देकर बम्बई चले गये। उस वक्त लोकमान्य गुलाबचन्दजी ढड्ढा भी वहां आये हुए थे उन्होंने श्री पार्श्वनाथ उमेद जैन बालाश्रम के वास्ते दानवीर से प्रार्थना की, उसके जवाब में दानवीर शेठने खुश होकर लोकमान्य साहब से कहा कि आप खुशी से बम्बई पधारें।

बाद आचार्य महाराज पाटण पधारे और ज्ञानमन्दिर बनवाने का अत्युत्तम कार्य निश्चित हो गया। यहां से विहार कर आप उमेदपुर प्रतिष्ठा महोत्सव पर पधारेंगे।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ श्रीपार्श्वनाथाय नमः ॥

# શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગરનો

# રિપોર્ટ.

## (સં૦ ૧૯૯૨ ના કાર્તિક સુદ ૧ થી ૧૯૯૨ ના આસો વદિ ૦)) સુધીનો)

[ ૪૦ મા વર્ષનો ]

આ રિપોર્ટ આપની સમક્ષ રજૂ કરતાં અમોને આનંદ થાય છે. મહાન પરિવર્તન કાળમાંથી અત્યારે ભારતવર્ષની પ્રજા પસાર થાય છે તેની થોડીઘણી અસર આપણી સમાજને ( આપણને સૌને ) પણ થયા વગર રહી નથી. આમ છતાં પ્રગતિના પંથે જવાનો રસ્તો એ જ છે કે આપણી સમાજે અત્યારે મુખ્યત્વે જૈન સાહિત્ય પ્રચાર ( જ્ઞાનોદ્ધાર ) અને ધાર્મિક વ્યવહારિક બંને પ્રકારની કેળવણીનાં કાર્યો પ્રથમ હાથ ધરવા જોઇએ. આવી સંસ્થાઓનું તો મુખ્ય કર્તવ્ય પણ તે જ હોવું જોઇએ. આ સભાએ ગુરુભક્તિ સાથે ૩૯ વર્ષમાં તેવાં પ્રગતિના શું શું કાર્યો કર્યાં છે, તેની હકીકત આગલા રિપોર્ટોમાં જણાવેલ છે. અત્યારે અહિં તો તેના ઉદ્દેશો સાચવી કાર્ય કરતાં આ સભા કેટલી વિશેષ પ્રગતિમાન થઇ તે જ હકીકત સંક્ષિપ્તમાં આપની સમક્ષ રજૂ કરીએ છીએ.

**ઉદ્દેશ અને હેતુ**—આ સભાનું સ્થાપન સં. ૧૯૫૨ ના બીજા જેઠ સુદ ૨ ના રોજ સ્વર્ગવાસી ગુરુરાજ **શ્રી વિજયાનંદસૂરીશ્વરજી** મહારાજના નામસ્મરણાર્થે—ગુરુભક્તિ નિમિત્તે કરવામાં આવ્યું છે.

**ઉદ્દેશ**—જૈન બંધુઓ ધર્મસંબંધી ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરે તેવા ઉપાયો યોજવા, ધાર્મિક અને વ્યવહારિક કેળવણીની વૃદ્ધિ માટે યથાશક્તિ પ્રયાસ કરવા, જૈન ધર્મના અત્યુપયોગી ગ્રંથો, આગમો, મૂળ, ટીકા, અવચૂરિ તેમજ ભાષાંતરના ગ્રંથો પ્રગટ કરી ભેટ, ઓછા મૂલ્યે કે મુદ્દલ કિંમતે આપી જ્ઞાનનો બહોળો ફેલાવો ( સાહિત્ય પ્રચાર ) કરી જૈન સાહિત્યની અભિવૃદ્ધિ તથા સેવા કરવા, એક જૈન વિવિધ સાહિત્યનું જ્ઞાનમંદિર કરવા અને તેનાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરેકને સર્વ રીતે લાભ આપવા, ફ્રી (મફત) વાંચનાલય, લાઇબ્રેરીથી જનસમાજને વાંચન પૂરું પાડવા અને અન્ય જૈન લાઇબ્રેરીને યથાશક્તિ સહાય કરવા વગેરે અને એવા બીજા જૈન શાસનની સેવાના દરેક કાર્યોમાં યથાશક્તિ ઉદ્યમ કરી સ્વપરજ્ઞાનવૃદ્ધિ કરવા વિગેરેથી આત્મોન્નતિ કરવાનો છે.

**બંધારણ—પેટ્રન સાહેબ, પહેલા વર્ગના લાઇફ મેમ્બરો, બીજા વર્ગના લાઇફ મેમ્બરો અને વાર્ષિક મેમ્બરો** ચાર પ્રકારનું છે. અને સભાસદ બંધુઓના હક્કો, ફરજ અને સભા તરફથી મળતો આર્થિક, વ્યવહારિક, ધાર્મિક લાભ આ રિપોર્ટમાં સંક્ષિપ્તમાં આપવામાં આવેલ છે અને તેના લગતા ધારાધોરણ તેમ જ સભાની કાર્યવ્યવસ્થા વિગેરેને લગતા ધારા તેમજ તેમાં જે છેલ્લી જનરલ મીટીંગમાં સુધારોવધારો થયેલ છે તે સાથે જુદી બુકમાં છપાવવામાં આવેલ છે.

## જનરલ કમીટી—કુલ સભાસદો.

### ( તેમાં દિવસાનુદિવસ થતી જતી વૃદ્ધિ. )

આ સભામાં ચાર વર્ગમાં થઈ સં. ૧૯૯૧ ની આખર સુધી કુલ ૩૮૧ સભાસદો હતા. તેમાં સં. ૧૯૯૨ ના આસો વદિ ૦)) સુધીમાં ( બાર સભ્યોનો સ્વર્ગવાસ થયો, ફી નહિ આવવાથી આઠ સભ્યો કમી થયા અને બે સભ્યો નવા વધ્યા જેમાં પેટ્રન સાહેબો ૩, પહેલા વર્ગના લાઇફ મેમ્બરો ૧૦૪, બીજા વર્ગના લાઇફ મેમ્બરો ૨૨૩, વાર્ષિક મેમ્બરો ૧૬ *બીજા વર્ગના વાર્ષિક મેમ્બરો ૭ અને *ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો ૧૨) કુલ મળી ૩૬૫ સભાસદો છે, જેમાં સ્થાનિક ૧૨૪ તેમ જ બહારગામના ૨૪૧ છે, જેઓ શ્રીમંતો, આગેવાનો, વિદ્વાનો અને સાથે કેટલાક ગામના શહેરની પાઠશાળા, કન્યાશાળા, પુસ્તકાલયો, જ્ઞાનભંડાર, તે ગામના શ્રી સંઘ અને સુશીલ બ્હેનો પણ છે, જે સભાની મહત્ત્વતામાં વધારો કરે છે. આ સિવાય પેટ્રન સાહેબ અને કેટલાક નવા સભાસદો આ સાલમાં વધ્યા છે, તેની હકીકત હવે પછીના રિપોર્ટમાં આવશે. નવા થતાં સભાસદોના નામો તે વખતે જ **'શ્રી આત્માનંદ પ્રકાશ'** માસિકમાં પ્રકટ કરવામાં આવે છે.

અમારે આનંદપૂર્વક જણાવવું જોઇએ કે અત્યાર સુધીમાં આ સભાના સભાસદોને સભા તરફથી પ્રગટ થયેલા ગ્રંથો વિવિધ સાહિત્યોના પ્રથમથી જ અનેક સંખ્યામાં હજારો રૂપીયાની કિંમતના ધારા પ્રમાણે ભેટ આપવામાં આવેલ છે, જે પ્રમાણે કોઇપણ સંસ્થા આપી શકેલ નથી. સભાએ ઉદાર ભાવનાથી સભાસદોને ગ્રંથો ભેટ આપવાનું આ કાર્ય રાખેલ છે તે કાર્ય કાયમ શરૂ જ છે.

---

* કેટલાક વખતથી ત્રીજા વર્ગના લાઈફ મેમ્બર અને બીજા વર્ગના વાર્ષિક મેમ્બરોનો વર્ગ સભાએ કમી કરેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મેનેજીંગ કમીટી.

## ( સંવત્ ૧૯૯૨ ના ફાગણ વદ ૨ મંગળવારના રોજ નિમાયેલ છે તે. )

### પ્રમુખ.

શેઠ શ્રી ગુલાબચંદ આણંદજી.

### ઉપપ્રમુખ.

૧ સંઘવી નાનચંદ કુંવરજી. ૨ શાહ દામોદરદાસ દીયાળજી.

### સેક્રેટરીઓ.

૧ ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ. ૨. શેઠ હરજીવનદાસ દીપચંદ.

### ટ્રેઝરર.

શેઠ અમૃતલાલ છગનલાલ.

### સભાસદો.

૧. શાહ ફતેહચંદ ઝવેરચંદ.
૨. શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ.
૩. શેઠ દેવચંદ દામજી.
૪. શાહ ગુલાબચંદ લલ્લુભાઈ.
૫. શાહ જાદવજી ઝવેરભાઇ.
૬. શાહ દીપચંદ જીવણભાઇ બી.એ.બી.એસ.સી.
૭. શેઠ નેમચંદ ગિરધરભાઇ.
૮. સંઘવી અમરચંદ ધનજીભાઇ.
૯. શાહ નગીનદાસ ઉત્તમચંદ.
૧૦. ભાવસાર હેમચંદ ગાંડાલાલ.

## કાર્યો.

**લાયબ્રેરી–ફ્રી વાંચનાલય**—આ વાંચનાલયમાં સાત વર્ગો નીચે પ્રમાણે છે. લખેલી પ્રતોનો ભંડાર પણ જુદો છે. ન્યુસપેપરોમાં દૈનિક, અઠવાડિક, પખવાડિક, માસિક, ત્રિમાસિક થઇ કુલ નંગ ૫૨) સારા સારા આવે છે. જૈન અને જૈનેતર ભાઇઓ નિરંતર બહોળી સંખ્યામાં લાભ લે છે. કક્કાવારી પ્રમાણે વાચકોની સુગમતા ખાતર તમામ બુકોનું લીસ્ટ પ્રકટ કરવામાં આવ્યું છે. ત્યારબાદ વધેલ પુસ્તકોની પુરવણી કરવાની છે

સંવત ૧૯૯૨ ની આખર સાલ સુધીમાં કુલ પુસ્તકો રૂા. ૮૬૮૫) રૂા. ૧૪૪૫૮–૨–૦ ના થયા છે, જે કુલ પુસ્તકો તેની કિંમત સાથે નીચે પ્રમાણે આપવામાં આવેલ છે. ત્યારબાદ વધેલા પુસ્તકોની હકીકત હવે પછી રિપોર્ટમાં આપવામાં આવશે.

વર્ગ ૧ લો **જૈન ધર્મના છાપેલા પુસ્તકો.** કુલ ૨૬૭૦ કિં. રૂા. ૩૪૫૨–૧૪–૦
વર્ગ ૨ જો **જૈન ધર્મના આગમો છાપેલા.** કુલ ૧૪૩. કિં. રૂા. ૧૧૨૩–૫–૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ગ ૩ જો **જૈન ધર્મની હસ્તલિખિત પ્રતો** કુલ ૧૫૨૨. (૧૯૭-૧૩૨૫) શુમારે પચીશ હજાર રૂપીયાથી વધારે કિંમતની.

વર્ગ ૪ થો **સંસ્કૃત છાપેલા ગ્રંથો** કુલ ૪૦૫ કિં રૂા. ૧૨૨૩-૮-૦

વર્ગ ૫ મો **નીતિ નોવેલ વગેરેના** વિવિધ સાહિત્ય, હિંદી વગેરે કુલ ૩૯૬૦ કિંમત. રૂા. ૫૦૭૪-૧૩-૬.

વર્ગ ૬ ઠ્ઠો **અંગ્રેજી પુસ્તકો.** કુલ ૧૯૫ કિં. રૂા. ૫૦૪-૧૦-૬.

વર્ગ ૭ મો **માસિકની ફાઈલ** અને **દિવાળી**ના ખાસ અંકો કુલ ૧૧૧૫ કિં. રૂા. ૨૬૨૬-૫-૦

સાતે વર્ગમાં કુલ પુસ્તકો ૮૬૮૫) રૂા. ૧૪૪૫૮-૨-૦ કિંમતના છે. અને ત્રીજા વર્ગની લખેલી પ્રતો ૧૫૨૨ની કિંમત શુમારે પચીશ હજાર રૂપીયા કરતાં વધારેની ગણી શકાય, તે જુદી છે.

લાઇબ્રેરીની સુવ્યવસ્થા માટે યુરોપીયન વિદ્વાનો **જરમન પ્રોફેસર સુબ્રીંજ સાહેબ, મીસ ક્રૌંઝે,** શ્રી ગાયકવાડ સરકારની સેન્ટ્રલ લાઇબ્રેરીના આ. ક્યુરેટર **સાહેબ મોતીભાઈ આમીન** અને આ સભાની વીઝીટ લેવા પધારેલ બનારસ સેન્ટ્રલ હિંદુ કોલેજના આ. પ્રીન્સીપાલ પ્રોફેસર **આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સાહેબ** અને ભાવનગર સ્ટેટ કાઉન્સીલના પ્રેસીડન્ટ **નામદાર પટ્ટણી સાહેબ** વગેરે અનેક જાહેર પુરુષોએ આ વ્યવસ્થિત લાઇબ્રેરી માટે ઊંચા અભિપ્રાય આપવા સાથે પ્રશંસા કરેલ છે. આ શહેરમાં આવી બીજી જાહેર લાઇબ્રેરી એક પણ નથી. હજી વિશેષ પ્રગતિ માટે પ્રયત્નો શરૂ છે.

---

**૨. સભાનું વહિવટી-નાણા પ્રકરણીય ખાતું**:-સભાનો વહીવટ સહજ રીતે સમજી શકાય તે માટે જુદા જુદા ખાતાઓથી ચલાવવામાં આવે છે, જેથી ઉપજ ખર્ચ જાણવામાં આવી શકે. હિસાબ **સરવૈયા** સાથે પાછળ આપવામાં આવેલ છે.

**૩. જૈન સાહિત્ય પ્રકાશન ખાતું**:-**વિવિધ જૈન સાહિત્ય અને જ્ઞાનોદ્ધારના પ્રચાર માટે પ્રાચીન સંસ્કૃત, માગધી, મૂળ ટીકાના ગ્રંથો તથા જૈન ઐતિહાસિક ગ્રંથો, જૈન આગમો, કર્મવિષયક ગ્રંથો, ગુજરાતી ભાષાંતરના ગ્રંથો વગેરેનું પ્રસિદ્ધ કરવાનું બહોળી સંખ્યા શરૂ રહેલ કાર્ય** નીચેનાં પાંચ પ્રકારે સાહિત્ય પુસ્તક પ્રકાશનખાતું સભા કરે છે.

૧. **શ્રી આત્માનંદ જૈન ગ્રંથ રત્નમાળા** જેમાં સંસ્કૃત, પ્રાકૃત, માગધી, મૂળ ટીકાના ગ્રંથો પ્રકટ થાય છે.

૨. પ્રવર્તકજી **શ્રી કાંતિવિજયજી જૈન** ઐતિહાસિક ગ્રંથમાળા જેમાં ઐતિહાસિક ગ્રંથોનું પ્રકાશન થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૩. શ્રી આત્મારામજી શતાબ્દિ સીરીઝ**–શ્રી શતાબ્દિ મહોત્સવના સ્મરણ નિમિત્તે, જેમાં પ્રાચીન સંસ્કૃત, પ્રાકૃત યા ગુજરાતી ભાષાના ગ્રંથો પ્રસિદ્ધ થાય છે.

૪. **સાધુ સાધ્વીમહારાજ તથા જ્ઞાનભંડારોને ખાસ ભેટ** માટેનું પ્રકાશન ખાતું.

૫. **સભા તરફથી પ્રગટ** થતા સભાની માલીકીના ગ્રંથો તથા જૈન બંધુઓ તરફથી **સીરીઝ તરીકે પ્રગટ થતાં ગ્રંથો** અને શ્રી **આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટ** અપાતા ગ્રંથો. તે સર્વ પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને અત્યાર સુધી ધારા પ્રમાણે બધા ગ્રંથો ભેટ આપવામાં આવ્યા છે અને અપાય છે.

સભા તરફથી પ્રગટ થતા ગ્રંથો મુદ્દલ કિંમતે કે ઓછી કિંમતે, સીરીઝના ગ્રંથો ધારા પ્રમાણે કિંમતથી અન્યને આપવામાં આવે છે.

અત્યાર સુધીમાં ઉપરોક્ત જણાવેલ ગ્રંથો સભાસદોને ભેટ આપવામાં આવેલ જેથી એવા ગ્રંથોની તેઓ સાહેબ એક સારી લાયબ્રેરી કરી શક્યા છે.

અત્યાર સુધીમાં મુનિમહારાજો, જ્ઞાનભંડારો, પાશ્ચિમાત્ય વિદ્વાનો અને સંસ્થાઓને કુલ મળી રૂા. ૨૦૩૬૪–૧૧–૦ ની કીંમતના ગ્રંથો તો સભાએ( તદ્દન ફ્રી ) ભેટ આપેલા તે જુદા છે. અડધી, અલ્પ કે ઓછી કિંમતે આપેલા તે જુદા છે. લાઇફ મેમ્બરોને અત્યાર સુધીમાં આપેલા ગ્રંથોની પણ હજારોની સંખ્યાની મોટી રકમ છે તે જુદી છે. અમારા ધારવા પ્રમાણે હિંદુસ્તાનની કોઈ પણ જૈન સંસ્થાએ આટલું અને આવું સુંદર સાહિત્યપ્રચારનું અને ભેટનું કાર્ય કરેલ નથી. તે થવાનું કારણ ગુરુકૃપા હોવાથી અમોને આનંદ થાય છે. હજુ તેવું જ પ્રકાશન અને ભેટનું કાર્ય સંયોગ પ્રમાણે ચાલુ છે અને ચાલુ રહેશે જેથી આ સભાની પ્રતિષ્ઠા, ગૌરવ અને જ્ઞાનભક્તિમાં પ્રશંસા સાથે વધારો થતો જાય છે. શ્રી બનારસ હિંદુ સેન્ટ્રલ કોલેજના આ. પ્રીન્સીપાલ પ્રોફેસર **શ્રીયુત આનંદશંકર બાપુભાઈ** ધ્રુવ સાહેબ જેવા સાક્ષરો અને અત્રે રાજ્યની સ્ટેટ કાઉન્સીલના પ્રેસી. સાહેબ **નામદાર પ્રભાશંકર પટણી** સાહેબ પધારી સાહિત્ય પ્રકાશનખાતું નજરે જોઇ ઘણા ખુશી થયા હતા અને બીજા દિવસે પ્રજાની જાહેર મીટીંગમાં સભાના પ્રકાશ થતાં પ્રાચીન સાહિત્ય માટે મહેરબાન ધ્રુવ સાહેબે મુક્તકંઠે વખાણ કર્યા હતાં અને બનારસ કોલેજની લાયબ્રેરી માટે ભેટની માગણી કરતા સભાએ તેનો સ્વીકાર કર્યો હતો. જેટલા જેટલા પાશ્ચિમાત્ય વિદ્વાનો દર્શનશાસ્ત્રના અભ્યાસીઓ અત્રે આવ્યા છે તેઓ પ્રગટ થયેલ પ્રાચીન સાહિત્ય જોઇ ખુશ થયા છે. સુંદર અભિપ્રાય પણ લખી ગયા છે.

૧. શ્રી આત્માનંદ જૈન રત્નગ્રંથમાળા–સં. ૧૯૯૨ ની આખર સાલ સુધીમાં પ્રાકૃત, સંસ્કૃત, મૂળ, ટીકા વિગેરે વિવિધ સાહિત્ય અને આગમોના મળી કુલ ૮૪ ગ્રંથો પ્રકટ થયા છે. નવા ગ્રંથોનું કાર્ય નીચે પ્રમાણે શરૂ છે.

નવા પ્રકાશનોમાંથી **વસુદેવહિંડિનો ત્રીજો ભાગ, બૃહત્ કલ્પસૂત્રનો ત્રીજો**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અને ચોથો ભાગ શ્રી દેવેન્દ્રસૂરિ** ટીકા સાથે છપાઇ ગયેલ છે. **કર્મગ્રંથ ૫મો** તથા **છઠ્ઠો** છપાય છે. એ અને બીજા કાર્યોની યોજના શરૂ છે. **હાલ શુમારે એક લાખ શ્લોક** પ્રમાણનું કાર્ય સંશોધક...પ્રેસ કોપી અને છપાતું શરૂ છે વગેરે.

૨. **શ્રી પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી ગ્રંથમાળાના સાત ગ્રંથો પ્રકટ થઇ** ગયા છે. હાલ તે કામો **સંયોગવશાત્** મુલતવી રહેલ છે.

૩. **શ્રી આત્મારામજી જન્મ શતાબ્દિ સીરીઝ ગ્રંથમાળા** તરફથી નીચેના કેટલાક ગ્રંથો પ્રગટ થયા છે, કેટલાક નિર્ણયસાગર પ્રેસ–મુંબઇમાં છપાય છે અને બીજા નવા ગ્રંથોની યોજના શરૂ છે.

૧. **શ્રી વીતરાગ મહાદેવ** સ્તોત્ર મૂળ કિંમત રૂા ૦–૨–૦
૨. **શ્રી પ્રાકૃત વ્યાકરણ** અષ્ટમ અધ્યાયી સૂત્રપાઠ રૂા ૦–૪–૦
૩. **શ્રી વીતરાગ મહાદેવ** સ્તોત્ર મૂળ સાથે ભાષાંતર રૂા ૦–૪–૦
૪. **શ્રી વિજયાનંદસૂરીશ્વરજી** જીવનચરિત્ર ૦–૮–૦
૫. **શ્રી નવસ્મરણાદિ સ્તોત્રસંદોહઃ** રૂા ૦–૪–૦
૬. **શ્રી ચારિત્ર પદ** પંચતીર્થ અને પંચપરમેષ્ઠી પૂજા રૂા ૦–૨–૦
૭. **શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર** પર્વ ૧લું મૂળ રૂા ૧–૮–૦
૮. **શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર** પર્વ ૨ થી ૧૦ છપાય છે.
૯. **ધાતુપારાયણ** છપાય છે.
૧૦. **વૈરાગ્યકલ્પલતા** ( યશોવિજયજીકૃત પ્રાકૃત વ્યાકરણ ઢુંઢિકા વૃત્તિ )

## નીચેના ગ્રંથો છપાય છે.

શ્રી મહાવીર ચરિત્ર ( ભાષાંતર ) શ્રી ગુણચંદ્રસૂરિકૃત, શેઠ માણેકચંદ જેચંદભાઇની સીરીઝના ગ્રંથ તરીકે ( આર્થિક સહાયવડે.) થોડા વખતમાં પ્રગટ થશે.

જ્યારે જ્યારે ગ્રંથો પ્રસિદ્ધ થાય છે ત્યારે ત્યારે તેની જાહેર ખબર 'શ્રી આત્માનંદ પ્રકાશ'માં અપાય છે અને વધારે સંખ્યા ( ચાર–પાંચ ) તૈયાર થાય ત્યારે અમારા માનવંતા લાઇફ મેમ્બરોને પ્રથમ સૂચના કર્યા પછી ભેટ મોકલવામાં આવે છે.

## હાલમાં પ્રગટ થયેલા નવા ગ્રંથો.

૧. શ્રીબૃહત્કલ્પસૂત્ર દ્વિતીય ખંડ...

૨. શ્રી તીર્થંકર ચરિત્ર—શેઠ શ્રીહરજીવનદાસ દીપચંદની સુપુત્રી જસકોર બ્હેનની આર્થિક સહાયથી.

## જૈન ગૃહસ્થો તરફથી પ્રકટ થતી સીરીઝ ગ્રંથમાળાઃ—

**સંવત્** ૧૯૯૨ સુધીમાં ૧૪ ગૃહસ્થો તથા બહેનો તરફથી સીરીઝના ધારા પ્રમાણે રકમ આવતા ગ્રંથો પ્રકટ થયા છે તેની નોંધ અગાઉ આપવામાં આવેલ છે.

ઉપર પ્રમાણે સીરીઝના ગ્રંથો પણ વધારે પ્રમાણમાં પ્રકટ થતાં હોવાથી જૈન સાહિત્યની અભિવૃદ્ધિ સાથે આ સભામાં થતા લાઇફ મેમ્બરોને પણ બહોળા પ્રમાણમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેટલો લાભ મળે છે, જેથી હવે પછી સસ્તા સાહિત્યનો બહોળો પ્રચાર સભા કરી શકશે તે નિઃસંદેહ છે.

**૪ ધાર્મિક અને વ્યવહારિક કેળવણીને ઉત્તેજન**—દર વર્ષે રૂ. ૩૦૦) જૈન વિદ્યાર્થીઓને સ્કોલરશીપ તરીકે, રૂ. ૧૨૫) શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાને મદદના મળી શુમારે સવાચારશેં રૂપિયા અપાય છે. અનુકૂળતાએ વિશેષ આપવા સભાની શુભ આકાંક્ષા છે.

**૫ શ્રી ઉજમબાઈ જૈન કન્યાશાળાઃ**—નો વહીવટ આ સભાને તેની કમીટી તરફથી સુપ્રત થયેલ હોવાથી તેનો વહીવટ ધાર્મિક શિક્ષણને સહાય તેમજ મદદ આપવા સાથે કરે છે.

**૬ શ્રી આત્માનંદ પ્રકાશઃ**—માસિક ચોત્રીશ વર્ષથી પ્રકટ કરવામાં આવે છે. ઉત્તમ લેખો, પુસ્તકોની સમાલોચના, વર્તમાન સમાચારો વગેરે આપવામાં આવે છે. અને કોઇપણ માસિક દરેક વખતે જે અત્યાર સુધી નથી આપી શકતું તેવા સારા સારા અનેકવિધ સાહિત્યના ઉત્તમ ગ્રંથો વધારે ખર્ચ કરી, માસિકની આવક કે કમાણીની દરકાર નહિ રાખી ગ્રાહકોને દરવર્ષે ભેટ અપાય છે, જેની નોંધ તે તે વર્ષે આત્માનંદ પ્રકાશમાં આપવામાં આવે છે. અને માસિક મુદ્દલથી ઓછા લવાજમે ગ્રાહકને અપાય છે, જેથી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોની સંખ્યા પણ દિવસાનુદિવસ વૃદ્ધિ પામતી જાય છે.

**૭ સ્મારકફંડોઃ**—આ સભા હસ્તક શ્રીયુત મૂળચંદ નથુભાઇ કેળવણી ઉત્તેજન સ્મારક ફંડ, તેમજ બાબૂ પ્રતાપચંદજી ગુલાબચંદજી સ્કોલરશીપ ફંડ, તથા કેળવણી મદદ ફંડ અને શ્રીયુત ખોડીદાસ ધરમચંદ નિરાશ્રિત મદદ ફંડ ચાલે છે, જેમાં તેના ઉદ્દેશ પ્રમાણે તે તે ખાતામાં સહાયો અપાય છે.

**૮ જયંતીઓઃ**—પ્રાતઃસ્મરણીય ગુરુરાજ શ્રી વિજયાનંદસૂરીશ્વરજીની જેઠ શુદ ૮ ના રોજ શ્રી સિદ્ધાચળજી ઉપર, તથા પૂજ્યપાદ ગુરુવર્ય શ્રી મૂળચંદજી મહારાજની માગશર વદિ ૬, શાંતમૂર્તિ શ્રી વિજયકમળસૂરિજીની આસો શુદ ૧૦ ના રોજ આ શહેરમાં દેવગુરુભક્તિ-પૂજા-સ્વામીવાત્સલ્ય વગેરેથી જયંતીઓ દરવર્ષે સભા તરફથી ઉજવાય છે.

**૯ સભાની વર્ષગાંઠ**—દર વર્ષે જેઠ શુદ ૭ ના રોજ સભાના મકાનમાં પ્રભુ પધરાવી પૂજા ભણાવવા વિગેરેથી સભાના મકાનમાં દેવગુરુભક્તિ કરવા સાથે વોરા હઠીસંગ ઝવેરભાઇએ આપેલી રકમના વ્યાજથી તેમજ તેમના તરફથી કબૂલ કરાયેલી વધારાની રકમના વ્યાજવડે સ્વામીવાત્સલ્ય સહિત ઉજવવામાં આવે છે.

**૧૦ જ્ઞાનભક્તિ**—દરવર્ષે જ્ઞાનપંચમીને દિવસે જ્ઞાન પધરાવી ભક્તિ કરવામાં આવે છે.

**૧૧ આનંદ-મેલાપ**—દર બેસતે વર્ષે જ્ઞાનપૂજન કર્યા પછી દૂધપાર્ટી તે ખાતે આ સભાના પ્રમુખ શેઠ ગુલાબચંદ આણંદજી તરફથી આવેલ રકમના વ્યાજમાંથી સભાસદોને આપવામાં આવે છે,

**૧૨ જૈનબંધુઓને મદદ**—મદદ આપવા યોગ્ય જૈન બંધુઓને સભાને અમુક બંધુઓ તરફથી આવેલી રકમથી તેમની ઇચ્છા પ્રમાણે આર્થિક સહાય અપાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મીટીંગ હેવાલ.

## જનરલ મીટીંગ.

### સં. ૧૯૯૨ ના ફાગણ વદિ ૨ મંગળવાર તા. ૧૦–૩–૩૬

૧. આગલા રિપોર્ટ; આવક–જાવક મંજૂર કરવામાં આવ્યા.

૨. અત્યાર સુધી કરેલ સેવા માટે ધન્યવાદ આપતા સાથે શેઠ ગુલાબચંદ આણંદજીને કાયમ માટે પ્રમુખ નીમવામાં આવ્યા.

૩. બંને સેક્રેટરીઓને કરેલ સેવા માટે ધન્યવાદ આપતાં ફરી ચૂંટી કાઢવામાં આવ્યા.

૪. ઉપપ્રમુખ તરીકે શેઠ નાનચંદ કુંવરજી તથા શાહ દામોદરદાસ દીયાળજીને નીમવામાં આવ્યા.

૫. ટ્રેઝરર તરીકે શેઠ અમૃતલાલ છગનલાલની નીમણુંક કરવામાં આવી અને દરરોજ મેળમાં સહી કરવા ઠરાવવામાં આવ્યું.

૬. માસિકના તંત્રીમંડળ તરીકે ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ, શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ બી. એ. અને શાહ ફતેહચંદ ઝવેરભાઇની ફરી નિમણુંક કરવામાં આવી.

૭. નવી મેનેજીંગ કમીટી નિમવામાં આવી.

૮. નિમાયેલ મેનેજીંગ કમીટીનો સભ્ય રાજીનામું આપે, ના પાડે કે નવો સભ્ય નીમવાની જરૂર પડે તો મેનેજીંગ કમીટી તેટલા સભ્યો, ફરી નવી મેનેજીંગ કમીટી નીમાયા સુધી નીમી શકે અને જનરલ કમીટી પછી જ્યારે મળે ત્યારે જણાવે.

૯. જનરલ કમીટીનું કોરમ બાર સભ્યોનું અને મેનેજીંગ કમીટીનું કોરમ છ સભ્યોનું રાખવાનો તથા તે મીટીંગોનું કોરમ ન થાય તો પછી ફરી ભરવામાં આવતી તે મીટીંગમાં જેટલા સભ્યો હાજર હોય તેનાથી કાર્ય કરવાનો ઠરાવ કરવામાં આવ્યો.

૧૦. સંવત ૧૯૯૧નો રિપોર્ટ તથા હિસાબ બજેટ મંજૂર કરતાં તે છપાવી માસિકમાં વહેંચવાનો ઠરાવ કરવામાં આવ્યો. હવે પછી તેમ પ્રકટ કરવો.

૧૧. સભાની પાછળનું મકાન પ્રમુખ સાહેબ અને આગેવાન સભાસદોને જરૂર લાગતાં રૂા. ત્રણ હજાર અને ત્રણસોથી વેચાણ લીધું અને રૂા. ચારસો દરબારને ચોથ આપવામાં તથા રીપેર ખર્ચ કરવામાં આવ્યો જેથી તે રૂા. ૩૭૦૦)નો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો. (જનરલ કમીટીની મંજૂરી સં. ૧૯૮૩ના મહા વદિ ૧ની મીટીંગમાં લેવાયેલ છે. )

૧૨. બજેટ ઉપરાંત ખર્ચ કરવાની જરૂર હોય તો એક સાથે રૂા. ૨૫૦) ખર્ચ કરવાની મેનેજીંગ કમીટીને મંજૂરી આપવામાં આવી અને આ સાલ રૂા. ૧૫૦) રીપેર ખર્ચ માટે મંજૂરી આપવામાં આવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩. કામનો બોજો ઘણો વધતો જતો હોવાથી એક ત્રીજા કારકુનને પંદર રૂપીઆ માસિક પગારથી રાખવાની મંજૂરી આપવામાં આવી.

૧૪. સભાના કારકુન નાનચંદ તારાચંદને હાલ જે પગાર મળે છે તે ઉપરાંત નહીં વધારતાં વધારેમાં વધારે રૂા. ૨૦૦૦) બે હજારનો જિંદગીનો વીમો ઉતરાવી આપવો અને સભાની નોકરી કરે ત્યાં સુધી પ્રીમીયમ સભાએ ખર્ચ ખાતે માંડી ભરવું.

૧૫. થોડાક વખત પછી વડોદરા શ્રી આત્માનંદ જૈન શતાબ્દિ ફાગણ વદિ ૧૩ના રોજ ઉજવાશે. ત્યાંનું આમંત્રણ સભાને હોવાથી સભા તરફથી એક પત્રિકા પ્રગટ કરી જૈનસમુદાયમાં વહેંચવાનું ઠરાવવામાં આવ્યું.

૧૬. વડોદરામાં શ્રી આત્માનંદ જૈન શતાબ્દિ ઉજવાવાની છે, તેના સ્મરણ ચિહ્ન તરીકે આચાર્ય **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજાની આજ્ઞાથી મુનિરાજ **ચરણવિજયજી** મહારાજ તે નામે ગ્રંથમાળા પ્રકટ કરવા અને સભાને નામે કાયમ પ્રસિદ્ધ કરાવવા, તેમજ તે ખાતું અનામત જુદું રાખવા, શ્રી જૈન આત્માનંદ ગ્રંથરત્નમાળા અને શ્રી કાન્તિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથમાળાના ધોરણે આ સભાને સોંપવા આજ્ઞા કરે છે, જેમાં સભાની પ્રતિષ્ઠા છે અને કોઇ કોઇ ગ્રંથો સભાસદોને પ્રસંગોપાત તેઓશ્રીની આજ્ઞા પ્રમાણે ભેટ પણ મળશે. ( જેમાંથી શ્રી આત્મારામજી મહારાજનું જીવનચરિત્ર, ત્રણ પૂજાઓ વગેરે ચાર ગ્રંથો સભાસદોને ભેટ આપવા આજ્ઞા થયેલ છે ) જેથી તે પ્રમાણે તેનું ખાતું ને રકમ અનામત રાખવા અને સભાનું પ્રસિદ્ધ કર્તા તરીકેનું નામ આપવા અને તે ગ્રંથમાળાનો તે રીતે સ્વીકાર કરવા ઠરાવવામાં આવ્યું.

૧૭. સભાના તથા લાઇબ્રેરીના ધારાઓમાં અત્યાર સુધીમાં થયેલ ફેરફાર સુધારા–વધારા સાથે શુદ્ધ કરી જુદી બુક આકારે છપાવવાની મંજૂરી આપવામાં આવી.

૧૮. આ સભાનો જ્યુબીલી નહિ ઉજવવાનો પ્રમાદ કે જે કંઇ હોય તેને દૂર કરી તે ઉજવવા કે જેમાં સભાની પ્રશંસા, પ્રતિષ્ઠા, ગૌરવ, જાહેરાત, આબાદિ અને ગુરુભક્તિ રહેલી છે તેનો જેમ બને તેમ વેળાસર નિર્ણય કરવા ઠરાવવામાં આવ્યું.

૧૯. સભાનું નાણા પ્રકરણી ખાતું જે જે રીતે અને જેને જેને નામે ચલાવવામાં આવે છે તે રીતે ચલાવવાનો ઠરાવ કરવામાં આવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સભાનું વહીવટીખાતું.

( સં ૧૯૯૨ ના આસો વદિ ૦)) સુધી )

## ૧. શ્રી સભા નિભાવ ફંડ.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૧૦૦૧) | બાકી દેવા. | ૪૪૮ાા | ખર્ચમાં તૂટતો હવાલો. |
| ૪૮ાા | વ્યાજ. | ૧૪૫૧) | બાકી દેવા. |
| ૮૫૦) | લાઇફ મેમ્બરો સ્વર્ગવાસ પામતાં આવેલ લવાજમનો હવાલો. | ૧૮૯૯ાા | |
| ૧૮૯૯ાા | | | |

## ૨. સભાસદોની ફી ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૮૫) | બાકી દેવા. | ૭૫૨ા= | મેમ્બરોને માસિક ભેટ મોકલ્ય તેના ખર્ચનો હવાલો. |
| ૫૮ાા | વાર્ષિક મેમ્બરોની ફીના. | ૬૨૫)≡ | ખર્ચખાતાનો હવાલો. |
| ૧૧૨૭) | લાઇફ મેમ્બરોની ફીના વ્યાજના. | ૭ાા | હેન્ડબીલ છપાઇ. |
| ૧૨૭૦ાા | | ૧૨) | મેમ્બરોના લવાજમ ન પતવાથી માંડી વાળ્યા. |
| | | ૨૭૭ાા | બાકી દેવા. |
| | | ૧૨૭૦ાા | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૩. પહેલા વર્ગના લાઇફ મેમ્બર ખાતું.

| જ | ઉ |
| --- | --- |
| ૧૧૦૦૨) બાકી દેવા. | ૬૦૧) મેમ્બરો સ્વર્ગવાસ પામતાં સભા નિભાવ ફંડ ખાતે હવાલો. |
| | ૧૦૪૦૧) બાકી દેવા. |
| ૧૧૦૦૨) | ૧૧૦૦૨) |

## ૪. બીજા વર્ગના લાઇફ મેમ્બર ખાતું.

| જ | ઉ |
| --- | --- |
| ૧૧૬૫૧) બાકી દેવા. | ૬૦૦) મેમ્બરો સ્વર્ગવાસ પામતાં સભા નિભાવ ફંડ ખાતે હવાલો. |
| ૧૦૦) નવા મેમ્બરોની ફીના. | ૧૧૧૫૧) બાકી દેવા. |
| ૧૧૭૫૧) | ૧૧૭૫૧) |

## ૫. ત્રીજા વર્ગના લાઇફ મેમ્બર ખાતું.

| જ | ઉ |
| --- | --- |
| ૩૦૦) બાકી દેવા. | |

## ૬. આત્માનંદ ભવન મકાન ખાતું.

| જ | ઉ |
| --- | --- |
| ૮૧૩ાાન્ા ભાડાના. | ૨૧૨૪પાન્ા બાકી લેણા. |
| ૧૨ાા વીમાનું કમીશન. | ૬૨ાા વીમો. |
| ૨૧૨૯૮ાા બાકી લેણા. | ૧૫ા≈ રીપેરીંગ. |
| | ૮૦૧ા વ્યાજ. |
| ૨૨૧૨૪ાાન્ા | ૨૨૧૨૪ાાન્ા |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૭. શ્રી આત્માનંદ ભવનની ઉત્તર બાજુના નવા મકાનનું ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૬૫) | ભાડાના. | ૩૬૬૮॥ા-॥ | બાકી લેણા. |
| ૩૭૯૭॥ | બાકી લેણા. | ૧૭૮।=। | વ્યાજના. |
| | | ૬૫) | મકાન રીપેરીંગ. |
| ૩૮૬૨॥ | | ૩૮૬૨॥ | |

## ૮. શ્રી સાધારણ ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૧૯૩)- | બાકી દેવા. | ૯૬।≈ | પરચુરણ ખર્ચના. |
| ૪૯॥- | પુસ્તક વેચાણમાંથી કે હાંસલ. | ૧૪૬)≈ | બાકી દેવા. |
| ૨૪૨॥= | | ૨૪૨॥= | |

## ૯. શ્રી સિદ્ધાચળજી ઉપર શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની જયંતિ (સાધારણ) ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૧૩૫૬॥ | બાકી દેવા. | ૧૨॥ | ગોઠીને સંભાળ રાખવાના. સં. ૧૯૯૧/૯૨ ની સાલના પગારના. |
| ૬૫॥ | વ્યાજના. | ૧૪૧૦) | બાકી દેવા. |
| ૧૪૨૨॥ | | ૧૪૨૨॥ | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૧૦. શ્રી મૂળચંદભાઇ સ્મારક ફંડ ખાતું

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૪૩૪) | બાકી દેવા રૂ. ૧૦૦૦) ના બોન્ડ ટ્રસ્ટીઓના નામે છે તે ઉપરાંત. | ૮૮ાા | સ્કોલરશીપના. |
| ૬૯ાા | વ્યાજના. | ૪૧૫) | બાકી દેવા. |
| ૫૦૩ાા | | ૫૦૩ાા | |

## ૧૧. શ્રી ખોડીદાસભાઇ સ્મારક ફંડ ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૨૧૯ા | બાકી દેવા રૂ. ૧૦૦૦) ના બોન્ડ ટ્રસ્ટીઓના નામે છે તે ઉપરાંત. | ૫૦) | સાધર્મી ભાઇઓને મદદના આપ્યા. |
| ૬૧ાા | વ્યાજના. | ૨૩૧) | બાકી દેવા. |
| ૨૮૧) | | ૨૮૧) | |

## ૧૨. શ્રી જ્ઞાન ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૭ા≈ | બેસતા વર્ષના જ્ઞાનપૂજનના. | ૪૦૯૬)≈ા | બાકી લેણા જ્ઞાનખાતાનો સ્ટોર કબાટો વગેરેના. |
| ૧ાા≈ | જ્ઞાનપંચમીના જ્ઞાનપૂજનના. | ૧૧૨ાા | વીમાનો ખર્ચ. |
| ૨૨ાા | વીમાના કમીશનના. | ૫૫ા | વખારભાડું. |
| ૧૩૭ાા≈ | પુસ્તકો વેચાણમાંથી હાંસલ ઉ. | ૧૯૩ાા- | માસિકો, વર્તમાન પેપરો વગેરે લાઇબ્રેરી માટે મંગાવ્યા તેના. |
| ૧૯) | પરચુરણ કસર વગેરે. | ૧૧૮ાા≡ાા | લાઇબ્રેરીના પુસ્તકો ખરીદ કર્યાં. |
| ૮૦૪ાાા | વ્યાજનો વધારો. | ૫૪૬ા૦ાા | આત્માનંદ પ્રકાશ પુ. ૩૨ ની ખોટ ભેટની બુક સહિત. |
| ૯૯૪)≈ | | ૧૨૫) | ઉજમબાઇ કન્યાશાળાને મદદ. |
| ૪૬૦૯) | બાકી લેણા. | ૨૮૩ા≡ા | પુસ્તકો, સાધુ-સાધ્વી, જ્ઞાનભંડાર વગેરેને ભેટ આપ્યા. |
| | | ૪૭)≡ | જાહેર ખબર ખર્ચના. |
| | | ૨૫ાા | પેકીંગ તથા પરચુરણ ખર્ચ. |
| ૫૬૦૩)= | | ૫૬૦૩)≈ | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૧૩. શ્રી આત્માનંદ પ્રકાશ પુ. ૩૨નું ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૩૨૨ાા | લવાજમ. | ૯૭૩ાા≈ | છપાઇ, કાગળ, બાઇંડીંગ. |
| ૩૫૨ા– | મેમ્બર ફી ખાતેથી. | ૧૮૯ાા | પોસ્ટ ખર્ચ. |
| ૫૪૬ા | ખોટના જ્ઞાન ખાતેથી. | ૧૫ાા≈ા | પરચુરણ બ્લોક, પટી વગેરે. |
| | | ૪૧ાા≈ા | લેખકોને લખાઈના. |
| ૧૨૨૧)– | | ૧૨૨૧)– | |

## સં. ૧૯૯૨ ના આસો વદિ ૦)) સુધીનું સરવૈયું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૧૪૫૧) | શ્રી સભા નિભાવ ફંડ ખાતે. | ૨૫૦૯૫ાા | મકાન ખાતે લેણા. |
| ૨૭૭ા | શ્રી સભાસદોની ફી ખાતે. | | ૨૧૨૯૮ાા આત્માનંદ ભવન. |
| ૨૩૩૫૩) | લાઇફ મેમ્બરોની ફી ખાતે. | | ૩૭૯૭ા ઉત્તરાદા મકાન. |
| | ૧૫૦૧ | | ૨૫૦૯૫ાા |
| | ૧૦૪૦૧–૧૧૧૫૧–૩૦૦ | ૪૬૦૯) | શ્રી જ્ઞાન ખાતે લેણા. |
| | ૨૩૩૫૩ | | ૪૦૫૧) ડેડ સ્ટોક. |
| | | | ૫૫૮) લાઇબ્રેરીના પુસ્તકો વગેરેના માંડીવાળતા ખર્ચ. |
| ૧૪૬)≈ | સાધારણ ખાતું. | | ૪૬૦૯) |
| ૧૪૧૦) | શ્રી વિજયાનંદસૂરિની જયંતિ ખાતું. | ૧૩૧૭૫ા≈ | શ્રી છપાતા પુસ્તકો ખાતે લેણા. |
| ૪૧૫) | શ્રી મૂળચંદભાઇ સ્મારક ફંડ. | | ૯૦૦૫ાા≈ સીરીઝના પુસ્તકો ખાતે. |
| ૨૩૧) | શ્રી ખોડીદાસભાઇ સ્મારક ફંડ. | | ૦)ોા આત્માનંદ પ્રકાશ પુસ્તક ૩૪ ના ખાતે. |
| ૧૩૮૩૯ાા–ાા | શ્રી પુસ્તકો છપાવવા ખાતું. | ૧૮૬૧)≈ | છાપખાના બુકસેલર્સ વિ. ખાતે. |
| ૧૬૦૮૬ા≈ | સીરીઝના ખાતાઓ. | ૨૨૬૨૧) | પરચુરણ શરાફી ખાતે. |
| ૨૦૩૮ા≈ા | છાપખાના વગેરે ખાતાઓ. | | ૬૨૫)≈ ૨૧૪૧૬ાા≈ |
| ૬૬૨૮ાા– | શરાફી. | | ૧૩૫ા≈ ૪૪૩ાા–ાા |
| | ૬૪૯૯ાા≈–૧૩ા–૧૧૫ા≈ | | ૨૨૬૨૧)ોા |
| ૧૧૭૩૧ા | જયંતિ વિગેરે મદદ ફંડો. | ૧૧૭૮ા– | મેમ્બરો પાસે લેણા. |
| | ૪૩૪૧ાાા | | ૧૨ાા૦ાાશ્રી પુરાંત જણશે. |
| | ૪૮૦૦–૨૫૮૯ાા | | ૭૭૫૫૯)≈ા |
| | | | ૪૯ ફેર. |
| ૭૭૬૦૮)≈ા | | | ૭૭૬૦૮)≈ા |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ડેડસ્ટોક અને સ્ટોર.

( સંવત ૧૯૯૨ ના આસો વદિ ०)) સુધીનો )

### શ્રી જ્ઞાનખાતાનો સામાન.

૧૦૦૪) મુનિરાજના ફોટાઓ ઓઇલપેઇન્ટ તથા બીજા નાના મોટા વિગેરે.

૧૨૧૦) લાઇબ્રેરીના પુસ્તકો તથા પરચુરણ સામાન ભરવાના કબાટો નંગ ૧૭.

૪૭૧) વેચાણના પુસ્તકો માટેના મોટા કબાટો નંગ ૪.

૧૫૦) પુસ્તકો ભરવાની પેટીઓ નંગ ૫, છોડ રાખવાની પેટી ૧, પેપરો રાખવાનું ખાનું, કબાટના ઢાળીયા-લાકડાનું નકશીદાર ત્રિગડું વિગેરે.

૧૩૫) શ્રી ગુરુમંદિર માટે આરસના સિંહાસન નં. ૨.

૧૬) કબાટોના તાળા નં. ૪૫.

૯૫) તીજોરી.

૯૭૦) ભરેલા છોડ ૩) તથા રૂપાની ઠવણી પાઠું.

૪૦૫૧)

### શ્રી સાધારણખાતાનો સામાન.

૧૦૧) મૂળચંદ નથુભાઇનો ઓઇલ પેઇન્ટ ફોટો.

૭૫) પરચુરણ ફોટાઓ.

૭૩૨) બાંકડાઓ, ખુરશીઓ, ટેબલો નાના મોટા ઘડીઆળ, ગાદી-તકીયા, ફાનસ, જાજમો, ગાલીચો, કોપીંગ પ્રેસ, પાટ નામના બોર્ડ, મેજ વિગેરે.

૪૨) ટેબલ કલોથ, ધ્વજાપતાકા, કપ રકાબી વિગેરે.

૯૫૦)

કુલ રૂ. ૫૦૦૧)

ઉપર પ્રમાણે સંક્ષિપ્તમાં કિંમત સાથે જણાવેલ છે, પરંતુ વિસ્તારથી તમામ વિગત સાથે સંવત ૧૯૯૨ ની ખાતાવહીના ચોપડાના પુંઠે લખાયેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


**દરેક જૈન અને જૈન સંસ્થાઓએ આ સભાના સભાસદ અવશ્ય થવું જ જોઇએ.**

પેટ્રન

રૂા. ૫૦૦) આપી આ સભાના માનવંતા મુરબ્બી થવાય છે.

**લાઇફ મેમ્બર.**

રૂા. ૧૦૦) આપી આ સભાના પહેલા વર્ગના લાઇફ મેમ્બર

અને

રૂા. ૫૦) આપી બીજા વર્ગના લાઇફ મેમ્બર થવાય છે.

—જેથી—

ટૂંક મુદતમાં એક સભાના છપાતા પુસ્તકો ધારા પ્રમાણે બધા ભેટ મળે છે જેથી

**સારી ગૃહ લાયબ્રેરી**

કરી શકાય છે.

અને 'આત્માનંદ પ્રકાશ' માસિક

ભેટ મળે છે.

જે શુમારે વીશ વર્ષમાં લાઇફ

મેમ્બરોને અપાયેલા દોઢસો

ભેટના પુસ્તકોથી જાણી શકાય છે.

**તે માટે તેમજ**

**પુસ્તક પ્રસિદ્ધ કરી જ્ઞાનોદ્ધાર**

**અને સાહિત્યપ્રચારની**

યોજના માટે,

આ સભાનો રિપોર્ટ મંગાવો.

**'આત્માનંદ પ્રકાશ' માસિક**

તો

હરકોઇ જૈનબંધુ મંગાવી શકે છે;

કારણ કે માત્ર રૂ. ૧ માં

ભેટનું ઉત્તમ પુસ્તક પણ સાથે મળે છે.

**વેચાણ પુસ્તકો.**

દરેક જાતનાં, દરેક સંસ્થા અને પ્રકટ કરનારાઓના અમારે ત્યાંથી મળી શકશે, નફો જ્ઞાન ખાતે વપરાય છે.

લખો:—**શ્રી જૈન આત્માનંદ સભા**—ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બન્ને ભાગોની થોડી નકલો સીલીકે છે—

# શ્રી બૃહતકલ્પસૂત્ર બીજો ભાગ.

( મૂળ, ભાષ્ય, ટીકા સહિત. )

અતિમાન્ય આ છેદસૂત્રનો બીજો ભાગ પ્રાચીન ભંડારોની અનેક લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ સાક્ષરવર્યો મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે.

પ્રથમ ભાગ કરતાં બાર ફોર્મનો વધારો થતાં ઘણો જ મોટો ગ્રંથ થયેલ છે અને તે સુંદર બ્લુ ઉંચા ટકાઉ કાગળ ઉપર, સુંદર શાસ્ત્રી અક્ષરોમાં, શ્રી નિર્ણયસાગર પ્રેસમાં મોટો ખર્ચ કરી છપાવેલ છે. સુશોભિત મજબુત કપડાનું બાઇન્ડીંગ કરાવ્યું છે. આવું પ્રાચીન સાહિત્ય સુંદર રીતે પદ્ધતિસરનું પ્રકાશન ફક્ત આ સભા જ કરે છે. જૈન જૈનેતર વિદ્વાનો અને હિંદની કોલેજના પ્રોફેસરો, પાશ્ચિમાત્ય અનેક વિદ્વાનો મુક્તકંઠે પ્રશંસા કરે છે. કિંમત રૂા. ૬–૦–૦ લેવામાં આવશે. ( પોસ્ટેજ જુદું )

---

# શ્રી વીશ સ્થાનક તપ પૂજા ( અર્થ સાથે. )

( વિસ્તારપૂર્વક વિવેચન તથા મંડળ સહિત. )

વિસ્તારપૂર્વક વિધિ વિધાન, નોટ, ચૈત્યવંદન, સ્તવનો, મંડળો વગેરે અને સાદી સરલ ગુજરાતી ભાષામાં અર્થ સહિત અમોએ પ્રકટ કરેલ છે. વીશ સ્થાનક તપ એ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરાવનાર મહાન તપ છે. તેનું આરાધન કરનાર બ્હેન તથા બંધુઓ માટે આ ગ્રંથ અતિ મહત્વનો અને ઉપયોગી છે. શ્રી વીશ સ્થાનક તપનું મંડળ છે, તેમ કોઇ અત્યાર સુધી જાણતું પણ નહોતું, છતાં અમોએ ઘણી જ શોધખોળ કરી, પ્રાચીન ઘણી જ જૂની તાડપત્રની પ્રત ઉપરથી મોટો ખર્ચ કરી, ફોટો બ્લોક કરાવી તે મંડળ પણ છપાવી આ બુકમાં દાખલ કરેલ છે. આ એક અમૂલ્ય ( મંડળ ) નવીન વસ્તુ જિનાલય, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, લાઇબ્રેરી અને ઘરમાં રાખી પ્રાતઃકાળમાં દર્શન કરવા લાયક સુંદર ચીજ છે.

ઊંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં છપાવી સુશોભિત બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે છતાં કિંમત બાર આના માત્ર રાખવામાં આવેલી છે. પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

## નવા પ્રકટ થયેલા ગુજરાતી ગ્રંથો.

૧ શ્રી સામાયિક સૂત્ર, મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. રૂ. ૦-૨-૬
૨ શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ ,, ,, રૂ. ૦-૧૦-૦
૩ શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર ,, ,, ગુજરાતી તથા શાસ્ત્રી બંને અક્ષરોવાળી બુક. ( શ્રી જૈન એજ્યુકેશન બોર્ડે જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ ). રૂ. ૧-૪-૦ રૂ. ૧-૧૨-૦.
૪ શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ. રૂ. ૦-૨-૦
૫ શ્રી શત્રુંજય તીર્થ વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ ચરિત્ર પૂજા સાથે. રૂ. ૦-૪-૦
૬ શ્રી તીર્થંકર ચરિત્ર. ( ભાષાંતર ) રૂ. ૦-૧[illegible]-૦
૭ શ્રી વીશ સ્થાનક પદ પૂજા ( અર્થ, વિધિ-વિધાન, યંત્રો, મંડળ વગેરે સહિત ). રૂ. ૦-૧૨-૦

## છેલ્લા પ્રકાશનો.

૧ શ્રી વસુદેવહિંડિ. પ્રથમ ભાગ. ૩-૮-૦
૨ શ્રી વસુદેવહિંડિ ,, દ્વિતીય અંશ ૩-૮-૦
૩ શ્રી બૃહત્ કલ્પસૂત્ર (છેદસૂત્ર) ૧ ભાગ ૪-૦-૦
૪ શ્રી બૃહત્ કલ્પસૂત્ર(છેદસૂત્ર) ૨ ભાગ ૬-૦-૦
૫ ચાર કર્મગ્રંથ ( શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા ) ૨-૦-૦
૬ શ્રી જૈન મેઘદૂત ૨-૦-૦
૭ શ્રી ગુરુતત્ત્વ વિનિશ્ચય ૨-૦-૦
૮ ઐન્દ્રસ્તુતિ ચતુર્વિંશતિકા ૦-૪-૦
૯ યોગદર્શન તથા યોગવિંશિકા હિંદી ભાષાંતર સાથે ૧-૮-૦
૧૦ ચેઇવંદણ મહાભાસં ૧-૧૨-૦

---

## છપાતાં ગ્રંથો.

१ धर्माभ्युदय ( संघपति चरित्र. ) २ श्री मलयगिरि व्याकरण.
३ श्री वसुदेवहिंडि त्रीजो भाग. ४ श्री गुणचंद्रसूरिकृत श्री महावीर चरित्र भाषांतर
५ पांचमो छट्ठो कर्मग्रन्थ. ६ श्री वृहत्कल्प भाग ३-४

---

## નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

૧. શેઠ શ્રી કાંતિલાલભાઇ ઇશ્વરલાલ. મુંબઇ. પેટ્રન.
૨. શા. કાન્તિલાલ મોહનલાલ. મુંબઇ. બી૦ લાઇફ મેમ્બર.
૩. વૈદ્ય વાડીલાલ મગનલાલ. વડોદરા. વાર્ષિક મેમ્બર.
૪. શાહ ધીરજલાલ ટોકરશી. અમદાવાદ. ,,
૫. શેઠ હીરાચંદ ધરમશી. માંડલ. ,,

---

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only